# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika




વર્ષ : ૦૨    ૨૦૨૬ : સપ્ટેમ્બર

અંક : ૦૯



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ-૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

# શ્રદ્ધાંજલી – આદરણીય શ્રી જગદીશભાઈ દવે



શ્રી જગદીશભાઈ દવેએ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૧૯૭૧થી અનેકવિધ હોદ્દાઓ સંભાળી પ્રમુખપદે તથા મૃત્યુપર્યંત ટ્રસ્ટીશ્રી તરીકે તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી, અમદાવાદમાં ૧૯૭૧થી અનેક વિધ હોદ્દાઓ સંભાળી પ્રમુખપદે તથા મૃત્યુપર્યંત કારોબારી સભ્ય તરીકે, બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી સ્થાનિક વહીવટી સમિતીમાં ૧૯૯૨થી સ્થાનિક કમિટીના સભ્ય અને ૨૦૦૭ થી ઉપપ્રમુખ તરીકે જીવનપર્યંત સેવાઓ આપી છે. શ્રી જગદીશભાઈ દવે બાજખેડાવાળ પત્રિકાના તંત્રી તરીકે વર્ષો સુધી સેવાઓ આપી છે. તેઓશ્રીએ બાજખેડાવાળ સમાજ મહેમદાવાદને વર્ષોપર્યંત પ્રમુખ તરીકે સેવામાં આપેલ છે.

શ્રી જગદીશભાઈ દવેનું વ્યક્તિત્વ એવું હતું કે નાના સાથે નાના અને મોટા સાથે મોટા, ખૂબ જ આનંદિત અને સરળ સ્વભાવના. જ્ઞાતિ માટે અવિરત આર્થિક, માનસિક અને શારિરીક સદાય જોડાયેલા રહેતા હતા. જ્ઞાતિ સમાજ માટે તેઓએ ક્યારેય કોઈપણ કાર્યક્રમ, સમારોહ કે મિટીંગોમાં ગેરહાજરી દાખવી નથી. હાજર રહેલા સૌને સદાય એક વડીલ તરીકે સાચી સમજ આપેલી છે.

પૃથ્વી પર જન્મ લીધા પછી મૃત્યુ નક્કી જ હોય છે એટલે ભગવાનને પણ આપણે ફરિયાદ કરી શકીએ નહીં તેમના જીવનમાંથી પ્રેરણા લઈ અબાલ – વૃદ્ધ સૌ સમાજમાં જોડાય તેનાથી મોટી કોઈ શ્રદ્ધાંજલી હોય નહીં.

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી સમીરભાઈ દવે (મંત્રીશ્રી)
તથા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

++++++

શ્રી સમીરભાઈ દવે (પ્રમુખશ્રી) શ્રી મુકેશભાઈ દવે (મંત્રીશ્રી)
તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો

**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., અમદાવાદ**

++++++

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી પ્રણવકુમાર જોષી (મંત્રીશ્રી)
ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો

**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વિદ્યાનગર**

# શ્રદ્ધાંજલી – આદરણીય શ્રી રાજેશભાઈ પિનાકીનભાઈ દવે



શ્રી રાજેશભાઈ પિનાકીનભાઈ દવે જ્ઞાતિ સમાજની વિવિધ સંસ્થાઓમાં જેવી કે, શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદમાં કારોબારી સભ્યથી લઈ પ્રમુખ પદ અને છેલ્લે ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી. તેજ રીતે શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., અમદાવાદમાં કારોબારી સભ્ય તથા હોદ્દેદાર તરીકે સેવાઓ આપી.

શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વિદ્યાનગર ખાતે કારોબારીમાં તથા ખજાનચી તરીકે વર્ષોપર્યંત સેવાઓ આપી. શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદમાં કારોબારીથી ઉપપ્રમુખ સુધીની સેવાઓ વર્ષોપર્યંત આપી છે.

તેઓ સ્વભાવે સરળ અને કામ કરવામાં ચોક્સાઈના આગ્રહી હતા. સમગ્ર જ્ઞાતિ સમાજ તેમના અવસાનથી દુ:ખની લાગણી અનુભવે છે.

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી સમીરભાઈ દવે (મંત્રીશ્રી)

તથા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

++++++

શ્રી સમીરભાઈ દવે (પ્રમુખશ્રી) શ્રી મુકેશભાઈ દવે (મંત્રીશ્રી)

તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો

**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., અમદાવાદ**

++++++

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી પ્રણવકુમાર જોષી (મંત્રીશ્રી)

ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો

**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વિદ્યાનગર**

## શ્રી જગદીશભાઈ દવે

જન જન ના માનસપટ પર સુદૃઢ પણે અંકિત.

ગમતાં નો ગુલાલ કરી આનંદ પામનારા.

દીનાનાથ પ્રતિ ઊંડી આસ્થા અને શ્રદ્ધા વાળા.

શમણાં સેવી એને સાકાર કરવા હંમેશાં મથનારા.

ભાવના સભર હૈયા અને વ્યવહારવાળા.

ઈલ્મ કાર્ય કુશળતા નો આગવો ધરાવનારા.

દયા ભાવના સૌ જરૂરિયાતમંદ માટે રાખનારા.

વેદના સામેવાળા ની સુપેરે સમજનારા.

આવા આપના ઉમદા ગુણો અને સ્વભાવને કારણે

સમગ્ર બાજ ખેડાવાળ જ્ઞાતિ અને સમાજ ના, અબાલવૃદ્ધ,

હર એક વ્યક્તિને, આપની અનુપસ્થિતિ બહુ જ સાલશે,

એ નિ:શંક છે. એવા, આપ સૌ કોઈ માટે સહાયક હતા.

સૌ આપને  અહર્નિશ યાદ કરશે.

છતાંય પણ,

આ જગમાં જન્મ લીધેલ, હર એક, જીવ માત્રને, એક દિવસ, આ જગ છોડીને જવાનું, નિયતિ એ નિયત કરેલું જ છે, એ સનાતન સત્ય ને, સૌએ મને કે કમને સ્વીકારવું જ પડે છે. એમ અમે પણ સ્વીકારી લઈશું અને પરમ કૃપાળુ પરમાત્મા ને આપના દિવંગત આત્માને ચિર શાંતિ માટે પ્રાર્થના કરીશું.

**સમગ્ર બાજખેડાવાળ પરિવાર.**

**સંકલન – જગતભાઈ દવે**

### ભેટ

અમારા પૌત્ર ચી. મૃગાંક સદૈવ શુકલ B.E. Aeronautical Eng. થઈ પુનામાં M.Tech Aerospace Eng. માં (Guided Missiles) ઉત્તીર્ણ થયેલ છે. Job in dassault system Global Ltd. Pune (મહારાષ્ટ્ર)માં કરે છે. જે નિમિત્તે રૂ. ૫૦૧/– ભેટ આપેલ છે. આભાર સહ.

**શ્રી ઘનશ્યામભાઈ કરૂણાશંકર શુકલ – અ.સૌ. અશોકા ઘનશ્યામભાઈ શુકલ**
**એ–૬, શ્યામસુંદર સોસાયટી, બોરસદ રોડ, આણંદ–૩૮૮૦૦૧**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૧,૧૧૧/–ના દાતા



### સ્વ. દર્શનાબેન શૈલેષકુમાર દવેની
### દ્વિતીય પૂણ્યતિથી નિમિત્તે

જન્મ તા. ૦૯–૦૮–૧૯૫૮ — અવસાન તા. ૧૮–૦૯–૨૦૨૪

સ્વ. દર્શનાબેન શૈલેષકુમાર દવેની સ્મૃતિરૂપે દવે પરિવાર તરફથી ભેટ.

**શૈલેષકુમાર નટવરલાલ દવે**

**કેતનકુમાર નટવરલાલ દવે** — **અ.સૌ. પીનાબેન કેતનકુમાર દવે**

**ચિ. પાર્થ કેતનકુમાર દવે**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૫૦૦૦/–ના દાતા



**સ્વ. નીતાબેન છોટુભાઈ દવે**

જન્મ તા. ૦૬–૦૩–૧૯૬૪ સ્વ. તા. ૦૫–૦૮–૨૦૨૬

પિતાશ્રી – છોટુભાઈ ચુનિલાલ દવે માતાશ્રી – ત્રિલોચનાબેન સી. દવે

- "શ્રધ્ધાંજલિ" દિલથી અમ પ્યારા નીતાબેનને,
  વસમી વિદાય અષાઢ વદ સાતમના દિને...
- હે મહારાજ! હતી "અમાનત" એ આપની,
  આજ તુજ શરણમાં પાછી ફરી...
- ચીર વિદાય આ દુનિયામાંથી લઈને,
  વાટ પકડી લીધી અક્ષરધામની...
- શ્રીહરિનું સ્મરણ અને સ્મૃતિ કરતાં,
  તનને ત્યજી દીધું બ્રહ્મમુહૂર્તમાં...
- પંચભૂતના દેહથી મળી મુક્તિ,
  ને શરણ લીધું શ્રીહરિ ચરણકમળમાં...
- "સંભારણાં " અમ સૌના દિલમાં રાખી,
  "પરમ"ને પામવા ગયા પહોંચી...
- માણજો શાશ્વત સુખ શ્રીહરિનું અક્ષરધામમાં,
  ને રહેજો અક્ષરાધિપતિની અખંડ સેવામાં...
- હે સર્વોપરી–સર્વાવતારી, સ્વામિનારાયણ ભગવાન,
  દેજો પરમશાંતિ ને પરમસુખ દિવગંત આત્માને...

**દવે પરીવાર**

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી લી. અમદાવાદ
## વિદ્યોતેજક ફંડ દાતાશ્રી રૂ. ૧૧,૧૦૧/–ના દાતા



### સ્વ. ભાવના ભદ્રેશ મહેતાના સ્મરણાર્થે

**જન્મ તા. ૧૯૫૬** **અક્ષરવાસી તા. ૨૦૨૬**

સ્વ. ભાવનાબેનનો જન્મ મહુધા ખાતે થયો હતો. સ્કૂલનો અભ્યાસ નડિયાદ પૂરો કરી મહુધા કોલેજમાંથી બી.કોમ.ની ડીગ્રી, કોલેજના ગોલ્ડમેડલ સાથે સફળ થયા હતા. બે વર્ષ નડિયાદથી હાયર સેકેન્ડરી સ્કૂલમાં શિક્ષક તેમજ દેના બેંકમાં નોકરી કર્યા બાદ લગ્ન પછી USA માં સ્થાયી થયા હતા.

USA માં Sales થી માંડી બેંકની ઉપરાંત અનેક પ્રકારની નોકરી કરી. બંને પીયર અને સાસરિયાના પરિવારને USA માં સ્થાયી થવા મદદરૂપ થયા હતાં. તેમનો દિકરો અને દિકરી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને USA માં Settle છે. પરિવારમાં ચાર પૌત્રોને રમાડીને અક્ષરવાસ થયેલ છે.

પૂર્ણ પુરુષોત્તમ સ્વામીનારાયણ ભગવાન તેમની સેવામાં જોડી અખંડ શાંતિ અર્પે એવી પ્રાર્થના.

**પરિવાર**

**ભદ્રેશ હિરાલાલ મહેતા**

| | |
|---|---|
| હર્ષ મહેતા | માધુરી મહેતા વીઠા |
| પ્રાપ્તિ મહેતા | પ્રણીલ વીઠા |
| જીવન મહેતા | રોદાન વીઠા |
| શયન મહેતા | જેલન વીઠા |

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૮૨૫૧૮૯૪૪૭

આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા તા. ૧૪–૦૮–૨૦૨૬ શ્રાવણ સુદ બીજને દિવસે શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરેલ. આ પ્રસંગને સફળ બનાવવા સર્વે કારોબારી બહેનો તથા દાતાશ્રી અને ઉપસ્થિત સર્વે સભ્યો બહેનો તથા ભાઈઓ દ્વારા તન, મનથી સહકાર આપ્યો તે બદલ ખૂબ આભાર. જગદીશભાઈ ગોર તથા ચિંતનગોર દ્વારા મંત્રઉચ્ચારથી કથા પુજન કરવામાં આવેલ. આ સાથે સ્વતંત્રતા દિવસની ઉજવણી સૌએ ઉમંગભેર રાષ્ટ્રધ્વજ સાથે રાષ્ટ્રીયગીતનું ગાન કરી. કાર્યક્રમના અંતે ગરબા ગાઈ, ભોજન પ્રસાદી લઈ છૂટા પડ્યા.

આ પ્રસંગને સફળ બનાવનાર દાતાઓનો ખૂબ આભાર. રૂ. ૧૫૦૧/– યામીનીબેન દવે હસ્તે પાયલબેન, રૂ. ૫૦૦/– સ્વ. પ્રીતિબેનના સ્મરણાર્થે મહેશભાઈ આપેલ છે ડૉ. કવિતાબેન મીનેશકુમાર ત્રિવેદી રૂ. ૧૦૦૧/– ભેટ મળેલ છે, રૂ. ૫૦૧/– રશીલાબેન ઠાકર તરફથી ભેટ, રૂ. ૫૦૧/– દક્ષાબેન જયેશભાઈ ખંભોળજા, રૂ. ૫૦૦/– ભાવિકાબેન શેલત, રૂ. ૫૦૦/– પારૂલબેન એન. દવે, રૂ. ૯૦૧/– અન્ય જ્ઞાતિજનો તરફથી માયાબેન દ્વારા ચા–કોફી અને પુરૂષોત્તમ માસની કથામાં પાકિટ આપેલ, સ્મીતાબેન યોગેષભાઈ તરફથી ફરાળી પેકેટ હસ્તે ગીતાબેન.

**રીટાબેન ઢગટ** — **પ્રમુખ**

**સેજલબેન મેહતા** — **મંત્રી**

---

## શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ, મહેમદાવાદ

મહેમદાવાદ

તા. ૬–૯–૨૬ને રવિવારે સવારે ૧૧.૩૦ કલાકે કારોબારી સભ્યોની મીટીંગમાં સ્વ. શ્રી જગદીશભાઈ પી. દવેના અવસાન અંગે બે મિનીટ મૌન પાળી, શોક ઠરાવ કરવામાં આવ્યો હતો. સ્વ. શ્રી જગદીશભાઈ દવે દ્વારા મહેમદાવાદ જ્ઞાતિ સમાજને આપેલ અમુલ્ય સેવાઓ, પ્રમુખ તરીકે સફળતાપૂર્વક નિભાવેલ ફરજો, જ્ઞાતિની પ્રગતિમાં તેમના યોગદાનને જ્ઞાતિ સમાજ હંમેશા યાદ કરશે. તારીખ ૨૮ ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ સોનાવાલા હાઈસ્કૂલ, મહેમદાવાદમાં તેમની અધ્યક્ષતામાં શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું સંમેલન સફળતાપૂર્વક યોજવામાં આવ્યું હતું.

પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે અને કુટુંબીજનોને આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના જ્ઞાતિ સમાજ તરફથી દિલાસોનો પત્ર તેમના કુટુંબીજનો આપવાનું નક્કી કર્યું હતું.

**કિરણભાઈ બી. ભટ્ટ** — **પ્રમુખ**

**હસમુખભાઈ સી. વ્યાસ** — **મંત્રી**

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

**થઈ ગયેલ કાર્યક્રમ – શ્રાવણી**

સંસ્થા દ્વારા તા. ૨૬–૮–૨૬ના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણી નક્ષત્રમાં જનોઈ બદલવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ ખૂબ જ સારી એવી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો.

**ઈનામ વિતરણ કાર્યક્રમ**

૪થી ઓકટોબરના રોજ ઈનામ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓએ ઈનામ વિતરણના ફોર્મ ભરેલ છે. તેઓએ ૪થી ઓકટોમ્બરને રવિવારના દિવેસ સાંજે ૪.૩૦ કલાકે પોતાનું ઈનામ લેવા અચુક હાજર રહેવુ પડશે. હાજર વિદ્યાર્થીઓને જ ઈનામ આપવામાં આવનાર છે. ઈનામ વિતરણનો કાર્યક્રમ પતી ગયા પછી ઈનામ વિતરણમાં જેના પણ ઈનામ લેવાના બાકી હશે તેઓને આપવામાં આવશે નહીં. જેની સૌ જ્ઞાતિજનોએ નોંધ લેવી.

**નવરાત્રી મહોત્સવ**

દર વર્ષની જેમ આસો સુદ–૪ના ગરબા (ચોથુ નોરતુ)નું આયોજન શ્રી બળવંતરાય ઠાકોર હોલ કાંકરીયા ખાતે રાખવામાં આવેલ છે. રાત્રે ૮.૩૦ કલાકે ગરબાની રમઝટ શરૂ કરવામાં આવશે. આ ગરબા તા. ૧૪–૧૦–૨૬ના રોજ યોજવામાં આવેલ છે.

**હોલ આધુનિકરણ ભંડોળ**

રૂ. ૧૧૦૦૦/– સ્વ. મયંક પ્રાણશંકરભાઈ શેલતના સ્મરણાર્થે હસ્તે શ્રી જયંતભાઈ ટી. દવે તરફથી

| | |
|---|---|
| **કમલેશ જે. ભટ્ટ** | **ઉદયભાઈ ભટ્ટ / સંજય ત્રિવેદી** |
| **પ્રમુખ** | **મંત્રી** |

## શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ – મુંબઈ

**શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ – “શ્રાવણી ઉત્સવ – યજ્ઞોપવિત (જનોઈ)”**

શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ દ્વારા દર વર્ષની માફક આ વર્ષ પણ શ્રાવણી ઉત્સવ શાસ્ત્રોક્ત વીધીથી યજ્ઞોપવિત (જનોઇ) બદલવાની પવિત્ર ક્રિયા શ્રી સતીષભાઈ પંડ્યા (ગુરૂદેવ) દ્વારા તા. ૨૬–૦૮–૨૦૨૬ના રોજ સવારે ૯.૦૦ થી ૧.૦૦ દરમ્યાન એડમર મઠ મુંબઈ ખાતે કરવામાં આવી હતી. ત્યારબાદ સૌ ભુદેવ જ્ઞાતિજનો બ્રહ્મપ્રસાદ લઈને રાજીખુશીથી છુટા પડ્યા હતા. શ્રી શ્રાવણી ઉત્સવ નિમિતે સમાજને ભેટ સર્વે મળેલ છે. આભાર (૧) શ્રી ઉમેશ શેલત રૂ. ૫૦૦/– (૨) શ્રી યોગેશ ઠાકર રૂ. ૫૦૦/–, શ્રી અશોકભાઈ ભટ્ટ (ટ્રસ્ટી), શ્રી ભદ્રેશભાઈ ભટ્ટ (સેક્રેટરી), શ્રી મુકેશભાઈ શેલત (ખજાનચી)

શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજની વાર્ષિક સભાના શ્રી અશોકભાઈ ભટ્ટશ્રી તા. ૨૯-૦૮-૨૦૨૬ને શનિવારે સાંજેના નેતૃત્વ હેઠળ સાંજે ૫.૦૦ કલાકે શ્રી બરફીવાળા હોલ (મેયર હોલ) અંધેરી ખાતે મળી હતી. તેમાં વાર્ષિક અહેવાલ-૨૫-૨૬ રજુ કરવામાં આવેલ હતો તેને સર્વાનુમતે મંજુરી મળી હતી તથા કાર્યકારણીની નવી કમિટીની પણ સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી.

**કાર્યકારણીની કમિટીના સભ્યો**

(૧) શ્રી અશોકભાઈ ભટ્ટ (ટ્રસ્ટી) (૨) શ્રી ભદ્રેશ ભટ્ટ (૩) શ્રી યોગેશ ઠાકર (૪) શ્રી રાહુલ દવે (૫) શ્રી મુકેશ શેલત (૬) શ્રી રાજ ભટ્ટ (૭) શ્રી મહેશ મહેતા (૮) શ્રી બકુલભાઈ જોશી (૯) શ્રી ગૌરાંગ દવે (૧૦) શ્રી પંકજ ભટ્ટ (૧૧) શ્રી કુમકુમબેન દવે (૧૨) શ્રી જીતેન્દ્રભાઈ દવે (૧૩) શ્રી ભૂપેન્દ્ર દવે સર્વેએ નવી કમિટીને શુભેચ્છા આપીને ચા-નાસ્તાને આનંદથી માણ્યો હતો.

**મનોરંજનાત્મક રંગારંગ કાર્યક્રમ**

શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ દ્વારા સમાજના લોકલાગણીને માન આપીને ફરી એકવાર સમાજ દ્વારા તા. ૨૯-૦૮-૨૦૨૬ને સાંજે ૬.૦૦ વાગ્યાથી ૯.૩૦ દરમિયાન રંગારંગ કાર્યક્રમનું આયોજન શ્રી બરફીવાળા હોલ (મેયર હોલ), અંધેરી ખાતે કરવામાં આવેલુ હતુ. ઘણો જ ઉત્કૃષ્ટ પ્રતિસાદ પ્રાપ્ત થતા બધા જ જ્ઞાતિજનો ભાવવિભોર થઈ ગયેલ.

**પ્રથમ - ઈષ્ટદેવને સ્મરણ કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી.**

ત્યારબાદ સમાજના વરિષ્ટ કાર્યકર શ્રી બકુલભાઈ જોશીના ૭૫માં જન્મ વર્ષ નિમિત્તે કેક કટીંગ કરવામાં આવ્યું હતું તથા શ્રી બકુલભાઈ સૌનો આભાર માન્યો હતો.

**દ્વિતીય કાર્યક્રમમાં સંગીતજગતના બાદશાહ**

ડૉ. દિપકભાઈ આચાર્ય તથા તેમના ધર્મપત્ની કલા જગતના મહારથી લાઈટ ટાઈમ એવોર્ડ જીતનાર શ્રીમતી નેહાબેન આચાર્ય દ્વારા રંગારંગ કાર્યક્રમની મહેફીલની શરૂઆત કરી હતી. ત્યારબાદ રંગત એવી જામી કે કોઈને સમય ત્રણ કલાક કયા પસાર થઈ ગયા તેનું ભાન જ ના રહ્યું. સૌ મન ભરીને નાચ્યા કુધ્યા ગરબા ગાયા, નૃત્ય કર્યા બધાએ ખૂબ મઝા માણી.

કાર્યક્રમ દરમિયાન મધ્યાંતરે સૌએ ચા તથા નાસ્તાની મઝા માણી તથા સમાજના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ ભટ્ટ દ્વારા સૌને કુટુંબદીઠ ભેટ તરીકે ભગવાનશ્રી બાલાજીની મૂર્તિ તથા શ્રી મહાદેવ પાર્વતી, ગણેશજી, લક્ષ્મીજી તથા કાર્તિકેયની સુંદર આકર્ષક મુર્તિ આપવામાં આવી હતી. ઉપરોક્ત કાર્યક્રમ સૌને યથા યોગ્ય ડોનેશન સમાજને ભેટ સર્વે અર્પણ કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમને અંતે રાષ્ટ્રગીતનું ગાન ગાવામાં આવ્યું હતું તથા સૌએ સ્વાદિષ્ટ મહાપ્રસાદ તથા અન્ય રસપ્રદ વાનગીનો સ્વાદ માણ્યો હતો.

સૌ એકબીજાને અભિવાદન આપીને છુટા પડ્યા હતા. સમાજમાં આવાને આવા રસપ્રદ કાર્યક્રમો થાય તેવી અભિલાષા સૌએ જણાવી હતી.

સૌ સમાજ બંધુઓ વધુને વધુ સમાજના કાર્યક્રમમાં સહભાગી થાય તો સમાજલક્ષી કાર્યક્રમ થાય તેવી મનોકામના સાથે.

**સંગીત સંધ્યા કાર્યક્રમ દાન પ્રાપ્ત થયાની તારીખ – ૨૯–૦૮–૨૦૨૬**

(૧) શ્રી અશોકભાઈ ભટ્ટ – ઘાટકોપર – રૂ. ૫૦૦૦/– (૨) શ્રી બકુલભાઈ જોશી – માહિમ – રૂ. ૫૦૦૦/– (૩) શ્રી રાજેશભાઈ દવે – લોઅર પરેલ – રૂ. ૫૦૦૦/– (૪) શ્રી જીતેન્દ્રભાઈ દવે – અંધેરી – રૂ. ૫૧૦૦/– (૫) શ્રી પ્રદીપભાઈ પંડ્યા – વિલે પાર્લે – રૂ. ૧૦૦૦/– (૬) શ્રી રવિન્દ્રભાઈ મહેતા – અંધેરી – રૂ. ૧૦૦૦/– (૭) શ્રી હરિશભાઈ દવે – અંધેરી – રૂ. ૫૦૦/–

| અશોકભાઈ ભટ્ટ | ભદ્રેશભાઈ ભાઈ ભટ્ટ | મુકેશભાઈ શેલત |
|---|---|---|
| ટ્રસ્ટી | સેક્રેટરી | ખજાનચી |

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ–૨૮
(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત જ્ઞાતિના જરૂરીયાતમંદ ભાઈ–બહેનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ કાર્ય માટે અમોને સમાજના ઉદાર દાતાશ્રીઓ તરફથી દાન–દંડ મળે છે. આ મહિને આ દાનની રકમનું લીસ્ટ નીચે મુજબ છે. સંસ્થા તમામ દાતાશ્રીઓનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

(૧) શ્રી સુમતીબેન આર. ભટ્ટ રૂ. ૧૦૦૦/– (૨) શ્રી અલ્પાબેન રાજીવ કોટડીયા રૂ. ૨૫૦૦/– (૩) શ્રી કાર્તિકભાઈ જી. દવે રૂ. ૧૦૦૦/– (૪) શ્રી દીપકભાઈ શેલત રૂ. ૫૦૦/– (૫) શ્રી વૈશાલીબેન દવે (ભેટ) રૂ. ૧૧૦૦૦/– (૬) શ્રી મહેશભાઈ દવે (ભેટ) રૂ. ૫૦૦૦/– (૭) શ્રી દુષ્યંતભાઈ દવે રૂ. ૫૦૦૦/– (૮) શ્રી વિજયભાઈ ભટ્ટ તરફથી સ્વ. શ્રી શકુંતલાબેન ભટ્ટના સ્મરણાર્થે (ભેટ) રૂ. ૫૦૦૦/– (૯) શ્રી જીમીલ હીમાંશુભાઈ જોષી રૂ. ૧૧૦૦૦/– (૧૦) શ્રી સ્વ. હરીશભાઈ પ્રાણશંકર દવે (ભેટ) રૂ. ૫૦૦૦/– (૧૧) શ્રી સ્વ. સત્યેન્દ્રભાઈ ડી. શેલત (ભેટ) રૂ. ૫૦૦૦/– (૧૨) શ્રી હીનાબેન હીમાંશુભાઈ દવે (ભેટ) રૂ. ૧૦૦૧/– (૧૩) શ્રી ભાસ્કરભાઈ ત્રિવેદી (ભેટ) રૂ. ૧૧૦૦૦/– (૧૪) શ્રી કીરણભાઈ પંડ્યા રૂ. ૧૧૦૦૦/– (૧૫) શ્રી નયનાબેન અરૂણભાઈ શેલત રૂ. ૧૧૦૦૦/– (૧૬) શ્રી નયનાબેન પી. દવે રૂ. ૧૧૦૦૦/– (૧૭) શ્રી ભારતીબેન જગદીશભાઈ દવે રૂ. ૧૧૦૦૦/– (૧૮) શ્રી પારૂલબેન એન. દવે રૂ. ૨૧૦૦૦/– (૧૯) શ્રી શીલ્પાબેન દીપકભાઈ દવે (ભરૂચ) રૂ. ૧૫૦૦/– (૨૦) શ્રી અંજલીબેન ભટ્ટ (અંકલેશ્વર) રૂ. ૧૫૦૦/– (૨૧) શ્રી જય મહાદેવ રૂ. ૫૦૦/– (૨૨) શ્રી દીપીકાબેન ડી. પંડ્યા

રૂ. ૫૦૦/– (૨૩) શ્રી હર હર મહાદેવ રૂ. ૫૦૦/– (૨૪) શ્રી મહાલક્ષ્મીબેન એન. શુક્લ રૂ. ૧૧૦૦૦/– (૨૫) શ્રી કીર્તી રસેશ દેસાઈ રૂ. ૧૦૦૦/–

**સામા પાંચમ વ્રત ઉદ્યાપન**

તા. ૧૫–૦૯–૨૦૨૬ને મંગળવારે પુનીતાશ્રમ ખાતે ઋષીપંચમી તથા કેવડાત્રીજ વ્રત ઉદ્યાપનની ધાર્મિક વિધી કરાવવામાં આવી હતી આશરે ૪૭ બહેનોએ આ વિધીમાં ભાગ લીધો હતો.

**અધિવેશન**

તા. ૨૭–૧૨–૨૦૨૬ને રવિવારના રોજ અમદાવાદ મુકામે સ્વ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડીટોરીયમ, વસ્ત્રાલ, અમદાવાદ ખઆતે બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું ૩૭મું રાષ્ટ્રીય અધિવેશન, શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદના યજમાન પદેથી યોજાનાર છે. આ અધિવેશનમાં સવારે ૮.૩૦ વાગ્યે ચા–નાસ્તો – મહેમાનોનું સ્વાગત તથા બપોરે ભોજન–સમારંભ તથા બપોરે ૨.૦૦ થી ૫.૦૦ સાંસ્કૃતિક કાર્યક્રમ અને સાંજે અલ્પાહાર લઈને સૌ છુટા પડવાનું રહેશે. આ અધિવેશનના પાસની કિંમત રૂ. ૧૦૦/– છે. પાસ મેળવવાનું સ્થળ – (૧) શ્રી બેલાબેન દેસાઈ, રાજુ પૌંઆ, પુષ્પકુંજ, કાંકરીયા, મણીનગર, અમદાવાદ તથા (૨) શ્રી હિતવર્ધક સભાની ઓફિસ ભાવેશભાઈ પંડ્યા – રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ) ખાતેથી મેળવી શકાશે.

**આજો પડવો**

આગામી તા. ૧૧–૧૦–૨૦૨૬ને પ્રથમ નોરતે આજો પડવાની વીધી કરાવવામાં આવશે. જે બહેનોને કરાવવાની હોય તેમણે પોતાના નામ ભોપીબેન ભટ્ટ (મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, જલ્પાબેન જોષી (મો.) ૭૩૮૩૯૩૧૭૪૨ પર નોંધાવી દેવો અને જરૂરી માહિતી મેળવી લેવી.

**નવરાત્રિ મહોત્સવ – વાર્ષિક સભા**

તા. ૧૩–૧૦–૨૦૨૬ને મંગળવારને રોજ શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદના ત્રીજના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. ગરબામાં રાસ–ટીમલી–સનેડો–ભાંગડા–ગાડી વગેરેનો આનંદ રમઝટ બોલાવીને કરવામાં આવશે. તે દિવસે પ્રથમ વાર્ષિક સભા યોજાશે તો સંસ્થાના દરેક આજીવન સભ્યોને ખાસ વિનંતી કે સૌએ સમયસર સભામાં હાજર રહીને કાર્યવાહી કરવામાં મદદરૂપ થશે.

સમય – ૭.૦૦ વાર્ષિક સભા, ૭.૩૦ અલ્પાહાર, ૮.૦૦ ગરબા, સ્થળ – વેદ મંદિર, કાંકરીયા, અમદાવાદ

**અગિયારસ વ્રત ઉદ્યાપન**

તા. ૨૦–૧૨–૨૦૨૬, માગશર સુદ–૧૧ના રોજ શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા વ્રત ઉદ્યાપનનું આયોજન કરવામાં આવેલ છે. જે ભાઈ–બહેનોને આ વ્રત ઉજવવાનું હોય તેમણે ઉપરોક્ત મોબાઈલ નંબર પર પોતાના નામ નોંધાવી દેવા.

**દર્શનાબેન ભટ્ટ** — **પ્રમુખશ્રી**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **મંત્રીશ્રી**

જે દિવસે અંતિમયાત્રા નીકળી ચાર મિત્રોમાંથી ફક્ત ત્રણ જ પહોંચ્યા.

કોલેજની એ જૂની ઈમારતના પગથિયાં પર બેસીને ચાર મિત્રોએ એક વાર જીવનભર યાદ રહે એવું વચન આપ્યું હતું.

આરવ... કબીર... નીલ... અને માનવ...ચારેય એકદમ જીગરજાન.

એકનો આનંદ એટલે ચારેયનો આનંદ... એકનું દુ:ખ એટલે ચારેયનું દુ:ખ એ દિવસે કેન્ટીનમાં ચા પીતા માનવ અચાનક હસીને બોલ્યો,

"અરે, આપણે એક વચન લઈએ ?"

બધા હસ્યા.

"જેનો મૃત્યુ પહેલા થાય એની અંતિમયાત્રાને બાકીના ત્રણ ખભો આપશે."

એક પળ શાંતિ છવાઈ ગઈ.

અને પછી ચારેય ખડખડાટ હસવા લાગ્યા.

"પાગલ છે તું !"

ચારેયના હાથ એકબીજા પર મુકાયા.

"પ્રોમિસ !"

એમને લાગ્યું હતું.

મૃત્યુ હજુ બહુ દૂર છે.

પણ જિંદગીને ભવિષ્ય કહેતા ક્યારેય આવડતું નથી.

કોલેજ પૂરી થઈ. સપનાં મોટાં થયાં. રસ્તા અલગ થયા. આરવ વિદેશ ગયો.

કબીર પોતાનો ધંધો ઉભો કરવામાં વ્યસ્ત થયો.

નીલ સરકારી નોકરીમાં જોડાયો.

અને માનવ એ તો ગામમાં જ રહ્યો.

વૃદ્ધ, બીમાર પિતાનું નાનકડું દુકાન સંભાળવા માટે તેણે પોતાના ઘણા સપનાં શાંતિથી બાજુ પર મૂકી દીધા.

શરૂઆતમાં. રોજ ફોન થતા. રાતે કલાકો સુધી વાતો. પછી અઠવાડિયામાં એક વાર.

પછી મહિનામાં એક વાર.

અને પછી

"મળીએ યાર." "ચોક્કસ." "આવતા મહિને."

આ શબ્દો હંમેશા માટે અધૂરા રહી ગયા.

સોશિયલ મીડિયા પર જન્મદિવસની શુભેચ્છા.

સ્ટેટસ પર

એકાદ "Take Care"

બસ આટલી જ મિત્રતા બચી.

એક રાત્રે

સાડા અગિયાર વાગ્યા હતા.

જૂના WhatsApp ગ્રુપ પર એક મેસેજ આવ્યો.

"મિત્રો માનવ હવે આપણી વચ્ચે નથી."

બસ

ફક્ત એટલું જ.

કબીરે તરત લખ્યું.

"આવી મજાક ના કરો."

નીલે ફોન લગાવ્યો.

ફોન બીજાએ ઉપાડ્યો.

સામેથી ધ્રુજતો અવાજ આવ્યો.

"દાદા, સવારે દસ વાગે અંતિમયાત્રા છે. શક્ય હોય તો જરૂર આવજો."

ફોન કટ થઈ ગયો.

ત્રણેયમાંથી કોઈને એ રાતે ઊંઘ ન આવી.

બીજા દિવસે

સફેદ ચાદરમાં શાંતિથી સૂતેલો માનવ એમની સામે હતો.

ચહેરો એ જ, હાસ્ય એ જ, પણ આંખો હંમેશા માટે બંધ થઈ ગયેલી.

આરવે ધ્રુજતા હાથે એના કપાળને સ્પર્શ કર્યો.

ઠંડું

એકદમ ઠંડું અને એના મોઢેથી અચાનક શબ્દ નીકળી ગયા.

"અરે ઉઠ ને યાર આપણે હજુ મળવાનું હતું."

જવાબ ન આવ્યો.

ત્યાં જ માનવના વૃદ્ધ પિતા ધીમે ધીમે આગળ આવ્યા.

એમની આંખોમાં આંસુ નહોતા.

કારણ બધા આંસુ પહેલાથી જ ખતમ થઈ ગયા હતા.

એમના હાથમાં એક નાનકડો લોખંડનો ડબ્બો હતો.

એમણે કહ્યું,

"આ એ તમારા માટે મૂકી ગયો છે."

ડબ્બો ખોલ્યો.

અંદર ચાર પરબિડીયા હતા.

ત્રણ મિત્રોના નામના અને ચોથું

"માનવ"

પોતાના નામનું.

એક પળ કોઈ કંઈ બોલ્યું નહીં.

બધાએ પોતાનો પત્ર ખોલ્યો.

એમાં લખ્યું હતું.

"જો તમે આ વાંચી રહ્યા હો

તો મેં મારું વચન પાળ્યું છે.

હવે તમારો વારો છે.
પણ
મારી અર્થીને ખભો આપતા પહેલા
એક કામ કરો."
ત્રણેયના હાથ ધ્રુજવા લાગ્યા.
આગળ લખ્યું હતું.
"તમારા મોબાઈલની ગેલેરી ખોલો
જુઓ
છેલ્લા ત્રણ વર્ષમાં
આપણો એક પણ નવો ફોટો છે?"
ત્રણેયે ફોન ખોલ્યા.
હજારો ફોટા.
નવી ગાડી.
વિદેશ.
ઓફિસ.
ધંધો.
બાળકો.
રજાઓ.
પ્રસંગો.
બધું હતું.
પણ
ચાર મિત્રોનો છેલ્લો ફોટો
પાંચ વર્ષ પહેલાનો.
કોલેજ રીયુનિયનનો.
બધા હસતા હતા.
કોઈને ખબર નહોતી.
એ જ છેલ્લો ફોટો બનશે.
પત્ર આગળ કહેતો હતો.
"તમે મને ક્યારેય ભૂલ્યા નથી.
ફક્ત
મળવાનું મોકૂફ રાખતા રહ્યા.
હું પણ કહેતો રહ્યો
'કંઈ વાંધો નહીં
આગલી વખતે મળીશું.'
પણ

જિંદગીએ 'આગલી વખત' જ આપી નહીં."
આ એક જ લીટીથી
ત્રણેય તૂટી પડ્યા.
ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા.
સ્મશાનમાં દરેકના રડવાનો અવાજ ગુંજતો હતો.
પણ
પત્ર હજુ પૂરો નહોતો થયો.
છેલ્લે લખ્યું હતું
"મારી છેલ્લી ઈચ્છા
મને અગ્નિ આપતા પહેલા
મારી સાથે એક સેલ્ફી લો.
એને સોશિયલ મીડિયા પર ક્યારેય પોસ્ટ ના કરતા.
જ્યારે કામ
પૈસા
જવાબદારીઓ
તમને તમારા માણસોથી દૂર લઈ જાય
ત્યારે ફક્ત એ ફોટો જોજો.
અને જાતને પૂછજો
જીવતા માણસો માટે સમય નહોતો
તો મૃત માણસ માટે આટલા આંસુ કેમ ?"
એ દિવસે
સ્મશાનમાં
ત્રણ મિત્રો
એક અર્થીની બાજુમાં ઉભા રહ્યા.
કોઈ હસતું નહોતું.
આંખો સુજેલી.
હાથ ધ્રુજતા હતા.
મોબાઈલનો કેમેરા ચાલુ થયો.
એક ફોટો લેવાયો.
અને એ એક ફોટામાં
આખા જીવનનું સત્ય કેદ થઈ ગયું.
છ મહિના પછી
દરેક મહિનાના પહેલા રવિવારે
એ ત્રણેય નિયમિત મળવા લાગ્યા.
ફોન સાયલન્ટ.

કામ બંધ.

ધંધો બંધ.

કારણ એમને સમજાયું હતું.

વ્યસ્ત રહેવું એ સફળતાની નિશાની હોઈ શકે પણ પોતાના માણસો માટે સમય ન હોવો એ જિંદગીની સૌથી મોટી નિષ્ફળતા છે.

સંદેશ

માણસ મિત્રના મૃત્યુથી એટલો રડતો નથી.

જેટલો એ ના મળેલા પળો માટે રડે છે.

એ મોકૂફ રાખેલી મુલાકાત માટે રડે છે.

એક એવા ફોન માટે રડે છે.

જે "કાલે કરું" કહેતા ક્યારેય કર્યો જ નહીં.

યાદ રાખજો

મૃત્યુ અચાનક આવે છે.

પણ

"એક વાર મળવું હતું" એ પસ્તાવો જીવનભર જીવતો રહે છે.

આજે જ કોઈ જૂના મિત્રને ફોન કરો.

કારણ

કેટલાક સંબંધો ફરી જોડાય છે.

પણ કેટલાક માણસો.

ફક્ત યાદોમાં જ રહી જાય છે.

જીવતા માણસોને સમય આપો.

કારણ અંતિમયાત્રામાં પહોંચવું સહેલું છે. પણ એ પહેલા એક વાર મળવું, એ જ સાચી મિત્રતા છે.

---

આજે ઘણા વખતે મારો મિત્ર સમીર મંદિરમા મળી ગયો.

મારાથી  હસ્તા હસ્તા પુછાય અરે સમીર આટલો ધીર ગંભીર કેમ થઈ ગયો છે. તારો સદા હસ્તો રહેતો ચેહરો. આમ મુરઝાઈ કેમ ગયો છે તું અને ધાર્મિક ?

આંખમાં આંસુ સાથે સમીરે પોતાની અંગત વાત મને કહી અને સાથે કહ્યું દોસ્ત આ વાત તું યુવાનો સુધી પોહચાડજે.

જેથી મારા જેવી ભૂલ બીજા કોઈ યુવાન ના કરે.

સાંભળ દોસ્ત.

એક દિવસ હું મારા  બેડરૂમમાંથી પપ્પા મમ્મીની વાત સાંભળતો હતો સાથે પપ્પાની ઉમ્મરને કારણે નોકરી પ્રત્યે ઉદાસીનતા પણ જોઈ રહ્યો હતો.

પપ્પા થાકેલા હતા. મમ્મીએ પપ્પાને હાથમા ટિફિન આપ્યું.

પાપા ગોઠણ ઉપર હાથ મૂકી પરાણે ઉભા થયા એક ચીસ સાથે પાછા સોફા ઉપર બેસી ગયા. મમ્મીએ પાણી આપ્યું અને બોલી આજે ઑફિસે જવાનું રેહવા દયો.

પપ્પા મમ્મીને બોલ્યા અરે પગલી હવે તો ઑફિસે જવાનો પણ કંટાળો આવે છે. પણ ઑફિસે તો જવુ જ પડે ને.

ફક્ત સમીર નોકરી એ લાગે તેની રાહ જોવ છું.

જે દિવસે સમીર નોકરીએ લાગ્યો બીજે દિવસે હું રાજીનામુ આપી ઘરમા બેસી જઈશ.

આ ઉમ્મરે બસ રીક્ષા પાછળ દોડવું હવે થાક લાગે છે. ઓફિસનો વર્કલોડ પણ હવે સહન નથી થતો.

અને હા તારી સાથે રહેવા ની પણ ઈચ્છા ઘણી છે.

ફરીથી પપ્પા હિંમત કરી સોફા માંથી ઉભા થયા. હાથમા ટિફિન પકડી ધીરે ધીરે ઘરની બહાર નીકળ્યા.

મમ્મીની આંખ ભીની હતી..ઘર ની જરૂરિયાત જ એટલી હતી કે પપ્પા ને નોકરી છોડી ઘરમાં બેસવા નું મમ્મી કહી શકે તેવી હિંમત પણ ન હતી.

મારા શરીર માંથી એક કંપારી પસાર થઈ.

શિયાળો હતો છતાં.

મારા ચેહરા ઉપર પરસેવો થઈ ગયો હું મારા પલંગ ઉપર ફસડાઈ પડ્યો.

મારી જાત ઉપર મને પહેલી વખત નફરત થઈ.

મારો બાપ ૬૦ વર્ષની ઉંમરે ઘર ચલાવવા લંગડાતા પગે નોકરી કરવા જાય અને હું ૭૫૦૦૦ હજારના બાઇક ઉપર પપ્પા પાસેથી પેટ્રોલના રૂપિયા રોજ ઉઘરાવી રાજકીય પક્ષોની દલાલી કરવા..રોજ સવારે તેઓના કાર્યાલયે પહોંચી જાવ છું.

અહીં મારો બાપ મારી નોકરીની રાહ જોઈ ને બેઠો છે અને હું ૨૮ વર્ષનો થયો પણ નોકરી કે વ્યવસાય માટે ગંભીરતા થી કદી વિચારતો નથી.

અને રાજકીય પક્ષ ના ઝંડા લઈ રોજ સવારે હું નીકળી પડું છું. ડૂબી મરવુ જોઇયે મારે એક યુવાન સંતાન ઘર માં હોવા છતાં લાચાર બાપે નોકરી કરવા જવું પડે.

મમ્મી એ બુમ મારી સમીર બેટા દૂધ તૈયાર છે.

મને વિચાર આવ્યો મારી દરેક જરૂરિયાત મારા માઁ બાપ પુરી કરે છે. તેનો મતલબ એવો તો નથી કે હું રાજકીય નેતાઓની મફતમાં સેવા કરૂ. ચાપ્લુસી કરું અને મારી યુવાની અને મારા માઁ બાપનું ઘડપણ બગાડું ભાડમાં ગઈ આવી સેવાઓ.

ટેબલ ઉપર આજે દૂધના પ્યાલાનો એક એક ઘૂંટડો મને ઝેર જેવો લાગતો હતો. મેં નિર્ણય કરી લીધો હતો. હવે પહેલા નોકરી પછી બીજી વાત સાથે એ પણ જ્ઞાન થયું કે રાજકીય પક્ષના ઝંડા લઈ રોજ સવારે ફરવાથી ઘરની ભૂખ ભાંગતી નથી. પપ્પાને જેમ બને તેમ નિવૃત કરી તેમનું સ્વપન હું પૂરું કરું.

અચાનક મોબાઈલની રિંગ વાગે છે. સામેથી કોઈ અજાણી વ્યક્તિનો ફોન આવ્યો હતો. તેણે કિધુ તમે જલ્દી હોસ્પિટલે આવો તમારા પપ્પા રોડ ક્રોસ કરતા ગંભીર અકસ્માતનો ભોગ બન્યા છે.

મારે માટે હોસ્પિટલ નો રસ્તો કાપવો અઘરો હતો. એક બીનજવાબદાર ઓલાદને કારણે મારા પપ્પા આ સ્થિતિમાં મૂકયા હતા.

હું મારી જાતને ધિક્કારતો ધિક્કારતો હોસ્પિટલના પગથિયાં ઝડપથી ચઢી રહ્યો હતો. હું મારી જાત ને અને મારી મૉંને કોઈને સંભાળવાં લાયક આજે ન હતો.

ICUમા પહોંચતા મેં જોયું ડોક્ટરો પપ્પાને બચાવવા પુરા પ્રયતન કરી રહ્યા હતા. પણ સંઘર્ષ અને મૃત્યુની લડાઈ મૃત્યું જીતી ગયું. દોસ્ત આજે કરોડોનો વહીવટ કરૂં છું.

રૂપિયાની તો કોઈ કમી નથી. પણ પપ્પાના ફોટા સામે જયારે હું ઉભો રહુ છું.

ત્યારે દુનિયાનો કમનસીબ અને બિનજવાબદાર સંતાન તરીકે મારી આંખ અને મસ્તક ઝૂકી જાય છે. સમીરની આંખમાંથી અવિરત પસ્તાવા ના આંસુ વહેતા હતા.

મેં પાણી આપ્યું દોસ્ત ભૂલી જા જે થયું તે.

સમીર બોલ્યો દોસ્ત આ વાત દરેક યુવાન સુધી પહોચાડજે એ મારી વ્યક્તીગત વિનંતી છે. જેથી મારા જેવી કોઈ યુવાન ભૂલો ના કરે અને આખી જિંદગી પસ્તાવા નો વારો ના આવે.

મારા હાથ મા તેનુ વિઝીટીંગ કાર્ડ મૂકી તે બોલ્યો કોઈ વખત ઘરે કે ઑફિશે શાંતિથી આવ.

હું તેના કાર્ડ સામે અને મંદિરના પગથિયાં ઉતરતા સમીર સામે જોઈ રહ્યો હતો. એક ડીરેક્ટર કક્ષાની વ્યક્તી પણ આજે ભૂલોનું પ્રાયશ્ચિત કરતો હતો.

Think Twice Act Wise

---

હા, ગોવર્ધન એ પોતે જ ઊંચકશે, આપણે પણ આંગળી એમાં અડાડીએ.

સત્ય ઘટના

ઓગસ્ટ ૨૦૧૪ની ઘટના. કલ્પરાજ નામના એક જૈન શ્રાવક. અમદાવાદના ભાગવત કથાકાર વૈષ્ણવ બાવાશ્રી યદુનાથજીની સન્મુખ બેસીને, ભાવપૂર્વક પ્રણામ કરીને બોલ્યા, ‘મહારાજ, રાજકોટથી આવું છું. મારા મિત્રોની સાથે ચર્ચા કરીને આપની પાસે આવ્યો છું.’

‘પ્રયોજન ?’ શ્રી યદુનાથજી મહારાજે પૂછ્યું.

‘રાજકોટમાં રેસકોર્સ મેદાનમાં ભાગવત સપ્તાહનું આયોજન વિચાર્યું છે. વ્યાસપીઠ ઉપર આપશ્રી બિરાજો એવી વિંનતી કરવા આવ્યો છું.’

‘અતિ ઉત્તમ વિચાર. તમે વૈષ્ણવ છો ?’

‘ના, હું જૈન છું.’ કલ્પરાજભાઇનો ખુલાસો સાંભળીને મહારાજને આશ્ચર્ય થયું.

મહારાજશ્રી કંઇ પૂછે તે પહેલાં જ કલ્પરાજભાઇએ આ વિચાર પાછળનું કારણ જણાવી દીધું. કારણનાં મૂળમાં થોડા દિવસ પહેલાં રાજકોટ ખાતે કેટલાક ગાઢ મિત્રો સાથે યોજાયેલી મિટિંગ હતી. લગભગ વીસેક મિત્રોએ મિટિંગમાં ભેગા મળ્યા હતા. બધા જ સંપન્ન હતા, શાલીન હતા, રાજકોટનગરીની શોભા વધારે તેવા હતા. એમાં સીનિયર ગાયનેકોલોજિસ્ટ ડૉ. નિરંજન પરીખ હતા, વયોવૃદ્ધ અને અનુભવવૃદ્ધ ડૉ. જતીન મોદી હતા, ડાયાબિટિક ફૂટનાં ક્ષેત્રમાં ખૂબ મોટું સેવાકાર્ય કરી રહેલા ડૉ. વિભાકર વછરાજાણી હતા, ઓટોમોબાઇલ બિઝનેસમેન જિજ્ઞેશભાઇ અમૃતિયા હતા, ઉદ્યોગપતિ નીલેશ ચાંગાણી હતા અને એક્સપોર્ટ બિઝનેસના જાણીતા વેપારી દિવ્યેશ અઘેરા પણ હતા. આ બધામાં લઘુત્તમ સાધારણ અવયવ જેવી બાબત એ હતી કે દરેકના મનમાં સેવા કરવાની ભાવના હતી. રાજકોટના નગરજનોને સતાવતા કેટલાક વિકટ પ્રશ્નો હતા એમાંનો એક ડાયાબિટીસનો પ્રશ્ન હતો. એ મિટિંગમાં દીપક

અગ્રવાલ નામના એક મિત્રનું સૂચન રજૂ થયું, 'અત્યાર સુધી આપણે નાની નાની પ્રવૃત્તિઓ તો બહુ કરી છે. હવે કશુંક મોટું કામ કરીએ. એવું મોટું કામ જેની કક્ષા વિશ્વસ્તરની હોય અને એ સમાજ માટે શ્રેષ્ઠ બની રહે.' બધાની નજર રાજકોટ ખાતે એક નમૂનેદાર ડાયાબિટિક સેન્ટર ઊભું કરવા પર ઠરી. પણ એ માટે તો ખૂબ મોટું ફંડ હોવું જરૂરી હતું. આટલા બધાં નાણાં કેવી રીતે ઊભાં કરવાં ? લાંબી ચર્ચાવિચારણા પછી બહુમતીથી નિર્ણય લેવામાં આવ્યો, 'રાજકોટની જનતા ધર્મપ્રેમી છે. એમના લાભાર્થે આપણે ભાગવત સપ્તાહનું આયોજન કરીએ.'

જોકે, એકાદ મિત્રએ શંકાનો સ્વર ઉઠાવ્યો, 'ધારો કે કથાના આયોજનમાં ખોટ ગઇ તો શું ?'

'મોટા ભાગે તો ખોટ નહીં જાય. ભગવાન શ્રીકૃષ્ણ ક્યારેય દગો દેતા નથી, પણ કોઇક કારણથી નુકસાન વેઠવું પડે તો આપણે વીસ જણા આપસમાં ભોગવી લઇશું.'

આ એક જુગાર જ હતો. પત્તાં જોયા વગરની બ્લાઇન્ડ ગેમ. જો નુકસાન થાય તો એનો આંકડો ખૂબ મોટો થવાનો હતો, પણ શંકા કરતાં શ્રદ્ધાનું બળ મોટું હોય છે. આટલી ચર્ચા થયા પછી કલ્પરાજભાઈ અમદાવાદ આવ્યા. કડીવાળા ભાગવત કથાકાર તરીકે પ્રખ્યાત શ્રી યદુનાથજી મહારાજને મળ્યા અને સપ્તાહ માટે વિનંતી કરી. મહારાજશ્રીએ કેટલાક પ્રશ્નો પૂછીને બધી વાત જાણી લીધી. પછી તારીખ આપી, 'પાંચ મહિના પછી ૧૭મી જાન્યુઆરીથી કથાનો શુભારંભ કરીશું. કલ્પરાજભાઇ ચરણસ્પર્શ કરીને બહાર નીકળ્યા. આ સંવાદના સાક્ષી એવા એક વૈષ્ણવભક્ત એમની સાથે થઇ ગયા. 'એક વાત કહું? ધર્મભાવનાથી તો કથાનું આયોજન કરનારા અસંખ્ય લોકો જોયા, પણ તમારા જેવી સાચી સેવાભાવનાવાળા ક્યારેય નથી જોયા. જો તમારા મનમાં શતપ્રતિશત શુદ્ધ ભાવના હશે તો.'

'તો શું ?' તો કાનુડો તમારી ભાવનાનો પડઘો અવશ્ય પાડશે. કથા દરમિયાન જ્યારે ગોવર્ધનલીલાનો પ્રસંગ આવશે ત્યારે રાજકોટમાં અવશ્ય વરસાદ પડશે. એ પણ છાંટા કે ફોરાં નહીં, કાનુડાએ ગોવર્ધન પર્વત ઊંચક્યો હતો એ વખતે જેવો મુશળધાર પડ્યો હતો એવો વરસાદ પડશે.'

કલ્પરાજભાઈ કંઇ બોલ્યા નહીં, માત્ર મનોમન હસ્યા. સપ્તાહનો સમય જાન્યુઆરી મહિનામાં નક્કી થયો હતો. એ સમયે આખું ભારત ઠંડીમાં ઠૂંઠવાતું હોય ત્યારે વરસાદ? એ પણ માવઠાને બદલે મુશળધાર ? કેહતા ભી દીવાના, સુનતા ભી દીવાના. કલ્પરાજભાઇએ રાજકોટ આવીને મિત્રોને સમાચાર આપ્યા. બધાએ એકસૂરમાં કહ્યું, 'શ્રદ્ધાની અને ભાવનાની વાતમાં સૌરાષ્ટ્ર ક્યારેય પાછું નહીં પડે. આપણે શ્રેષ્ઠ કક્ષાનું આયોજન કરીશું. જગતને બતાવી દઇશું કે આ રંગીલુ રાજકોટ જેટલું રંગીન છે, એના કરતાં વધારે સંગીન છે.'

અલગ અલગ સમિતિઓની રચના કરવામાં આવી. રાજકોટના પ્રખ્યાત રેસકોર્સ ગ્રાઉન્ડમાં ૩૦ હજાર શ્રદ્ધાળુઓ બેસી શકે તેવો વિશાળ મંડપ બાંધવામાં આવ્યો. બેસવા માટે સેંકડો ગાદલાં બિછાવવામાં આવ્યાં. બહારગામથી આવનારા ભક્તજનો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી. કાઉન્ટર્સ સંભાળવા માટે આયોજકો સ્વયં ઊભા રહ્યા. કરોડપતિ પુરુષો અને એમની શ્રીમંત પત્નીઓ આગ્રહ કરી કરીને વાનગીઓ પીરસવા માટે થનગની રહ્યાં. રેસકોર્સની જમીન કાંકરાવાળી છે. પગરખાં ઉતારીને ચાલવામાં ભારે તકલીફ પડે તેવી, જેમણે પગમાં

મોજાં પહેર્યાં હતાં એમના મોજાં ફાટી જતાં હતાં. ઉઘાડા પગની તો વાત જ ક્યાં કરવી? આયોજકોએ આ કાંકરા ન ખૂંચે એ માટેની વ્યવસ્થામાં પચાસ હજાર રૂપિયા ખર્ચી નાખ્યા. ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૫ના પવિત્ર દિવસે કથાનો પ્રારંભ થયો. રાજકોટના શ્રદ્ધાળુઓ ઊમટી પડ્યા. વ્યાસપીઠની પાછળ સુંદર સંરચના કરવામાં આવી હતી. પશ્ચાતભૂમાં આબેહુબ ગોવર્ધન પર્વત ઊભો કરવામાં આવ્યો હતો. એક વાગે આરતી થતી હતી. બપોરે ૪ વાગે કથાનો પ્રારંભ થતો હતો. પહેલાં ચાર દિવસ સુધી તો બધું સરસ રીતે ચાલતું રહ્યું. રાજકોટમાં વાતાવરણ જામી ગયું. શ્રી યદુનાથજી મહારાજની વાણીએ રાજકોટને ગોકુળમાં ફેરવી નાખ્યું. ૨૧મી જાન્યુઆરી. સપ્તાહનો પાંચમો દિવસ હતો. એ દિવસે ગોવર્ધનલીલાનો ઉત્સવ થવાનો હતો. આરતી સમયે આકાશ સ્વચ્છ હતું. ચાર વાગે વાદળો ઘેરાવાં શરૂ થયાં. કથાનો પ્રારંભ થયો અને પાંચ– સાડા પાંચ થતાંમાં તો બારે મેઘ ખાંગા થઇ ગયાં ! ગાદલાં પાણીથી તરબોળ બની ગયાં. આખા મંડપમાં પથરાયેલાં વીસથી ત્રીસ હજાર જેટલા શ્રોતાઓ મધ્યભાગમાં આવેલા વોટરપ્રૂફ ડોમ નીચે આવી ગયાં. બધાના પગ પાણીમાં ડૂબેલાં હતા. વ્યાસપીઠ પરથી યદુનાથ મહારાજે આ દૃશ્ય જોયું. આટલો બધો વરસાદ જોઇને એમણે કથા વાંચવાનું અટકાવી દીધું હતું પણ ચોથી મિનિટે એમને સમજાઇ ગયું કે આટલા નાના ડોમ નીચે જો વીસ હજાર લોકો સમાઇ શકતા હોય તો આ લીલા માત્ર યોગેશ્વર શ્રીકૃષ્ણની જ હોઇ શકે. એમણે કથાનો પ્રવાહ આગળ વધાર્યો. ખુરશીઓ પાણીમાં તરતી હતી અને શ્રોતાઓ વાણીમાં. સાંજે સાડા સાત વાગે કથાનું સમાપન થયું ત્યારે આખું ગોકુળ જળબંબાકાર બની ગયું હતું. ધન્યતાનો ભાવ ઓઢીને સહુ ઘરે ગયા.

હવે આયોજકો સામે વિકટ પ્રશ્ન આવી ઊભો હતો. બીજા દિવસની કથા માટે શું કરવું ? રેસકોર્સનું મેદાન કોરું બનતાં ઓછામાં ઓછા ચારથી પાંચ દિવસ લાગી જાય તેમ હતું. એનો અર્થ એવો થયો કે સપ્તાહ પડતી મૂકવી પડે. બધાના દિમાગ કામે લાગી ગયા. છેવટે નક્કી થયું કે શ્યામ રાયચુરાની મદદ લેવી પડશે. શ્યામભાઇ મોટું માથું. અત્યંત વ્યસ્ત. ફર્ન હોટલના માલિક. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશનના ટ્રેઝરર. એમને વિનંતી કરવામાં આવી, 'ક્રિકેટના ગ્રાઉન્ડમાં વરસાદ પડે ત્યારે પાણી સૂકવવા માટે જે મશીન વપરાય છે તે લઇને અહીં આવો.'

શ્યામભાઇએ જવાબ આપ્યો, 'એ શક્ય નથી. આટલું પાણી ચૂસવા માટે સુપર સોકર મશીન પણ નહીં ચાલે. હું બીજી વ્યવસ્થા વિચારું છું.'

શ્યામ રાયચુરા એમના ૭૦–૮૦ માણસો સાથે આવી ગયા. માર્કેટમાંથી જૂના સ્પંજનો મોટો જથ્થો મંગાવી લીધો. સેંકડો બાલદીઓ ખડકી દીધી. આયોજકને કહી દીધું, 'તમે બધા ઘરે જઇ અને નિરાંતે ઊંઘી જાઓ. આવતીકાલની કથા રોજિંદા સમયે ચાલુ થઇ જશે.'

એ આખી રાત શ્યામ રાયચુરાના ૮૦ માણસો જાગતા રહ્યા અને કામ કરતા રહ્યા. પાણીમાં સ્પન્જ ડૂબાડીને બાલદીમાં નિચોવતાં રહ્યાં. આ કામ લખવામાં જેટલું સહેલું લાગે છે એટલું જ વાસ્તવમાં અઘરું હતું. સેંકડો ભીના ગાદલાં ત્યાંથી હટાવી લેવામાં આવ્યાં. આખા મેદાનમાં જમા થયેલું પાણી શોષી લેવામાં આવ્યું. ભીની માટીને પણ સ્પન્જ વડે દબાવી દબાવીને કોરી કરી દેવામાં આવી. સવારે છ વાગ શ્યામ રાયચુરાએ મિત્રને ફોન કર્યો. 'આખા મેદાનમાં એક ટીપું પણ પાણી રહ્યું નથી. હવે હું ઘરે જાઉં ?'

સપ્તાહના છટ્ઠા દિવસે રોજિંદા સમયે ફરી પાછા ત્રીસ હજાર શ્રોતાજનો હાજર થઇ ગયા. પણ મારા મન એ સવાલ છે કે તે વૈષ્ણવભક્ત કોણ હતા જેમણે ગોવર્ધનલીલા ના દિવસે મુશળધાર વરસાદ પડશે તે ભવિષ્યવાણી કરી હતી શું..એ સ્વયંભૂ.

## ડોક્ટરની ડાયરી - ડોક્ટર શરદ ઠાકર (સત્ય ઘટના)

શ્રેયા એની મમ્મી સાથે પહેલી વાર મારી પાસે આવી ત્યારે પ્રથમ દર્શનમાં જ મને કાંઇક અજુગતું લાગ્યું હતું. શ્રેયા પ્રેગ્નન્ટ હતી. આઠમો મહિનો જતો હતો. પણ અજુગતું એના વિશે ન હતું, એની માના ચહેરામાં હતું. કશુંક એવું જોઇ શકાય સમજી શકાય પણ વર્ણવી ન શકાય એવું.

'બધું બરોબર છે ને ભાઇ ?'

એ વૃદ્ધાએ મને પૂછું, તપાસનું કામ પતી ગયું હતું.

હવે હું દવાઓ લખી રહ્યો હતો. સામાન્ય રીતે સગર્ભા સ્રીઓની સાથે આવેલા સગાઓ મમ્મી સાસુ કે પતિ ડોક્ટરને ડૉક્ટર અથવા તો સાહેબ કહીને વાત કરતા હોય છે. જ્યારે શ્રેયા ની મા મને ભાઇ કહીને બોલાવી રહી હતી એ સહેજ અસામાન્ય હતું. વધારે અસામાન્ય એની મુખમુદ્રા હતી. સાવ પાતળો નાનો કમાયેલો ચહેરો, પીળાશ પડતો ઉજળોવાન, મોતીઓ આવતો હોય તેવી આંખો, સાદો ગુજરાતી ઢબથી પહેરેલો સાડલો, એ હસવા જતી હતી ત્યારે પણ એનું મો જાણે હમણાં જ રડી પડે એવું બની જતું હતું. ભૂતકાળમાં મેં એવા ઘણા પુરુષો જોયેલા છે. ઉદાસી એમનો સ્થાઇભાવ લાગે. જાણે હમણાં જ એક બેસણામાં થી આવ્યા હોય અને તરત બીજા બેસણામાં જવાના હોય. પણ સ્રીઓને આવી કારમી ઉદાસીમાં મેં ભાગ્યે જ જોઇ છે.

'હા માજી, અત્યારે તો બધું નોર્મલ છે. પણ આ પહેલી સુવાવડ છે એટલે જરાક સાચવવું પડશે.'

મેં કહ્યું. મા-દીકરી કન્સલ્ટિંગ ફી ચૂકવીને ઊભા થયા.

'હવે પાછું ક્યારે આવવાનું ?'

શ્રેયાએ પૂછ્યું. મેં બીજી વારના ચેક-અપ માટે ની તારીખ આપી દીધી, સાથે સલાહ પણ 'શ્રેયા બહેન, તમારી મમ્મીની તબિયત સારી નથી લાગતી. ફરીવાર જ્યારે તમે આવો ત્યારે એમના બદલે બીજા કોઇને સાથે લઇને આવશો તો ચાલશે. મમ્મી ને તકલીફ ના આપશો.'

મા-દીકરી ગયા. ફરીથી એ બંને જ આવ્યા. મેં જોયું તો મમ્મી કુસુમબહેનની સ્થિતિ પૂર્વવત્ જ હતી. મેં પૂછ્યું

'તમે કેમ આવ્યા ? મે ના નહોતી કહી ? તમારી તબિયત ?'

'ભાઇ મારી તબિયત ને તો પથરોયે નથી પડ્યો. આ બધું ચિંતાને કારણે છે. તમને શું કહું ઘરના જ જ્યાં ઘાતકી નીકળે ત્યાં પારકા નો શો વાંક ?'

મને એમની વાતમાં કંઇક ઊંડો ભેદભરમ કળાયો. શ્રેયા ની તપાસ કરી લીધા પછી મેં એની મમ્મીને પૂછ્યું

'શી વાત છે ? જો મને કહી શકાય તેવું હોય તો ?

'ભાઈ શું કહું ? મારે સાત દીકરીઓ છે. દીકરાની લાહ્ય માં હું એક પછી એક પથરાઓ જણતી.'

'એક મિનિટ, મને તમારી આ વાત સામે વાંધો છે કુસુમબહેન. દિકરીને તમે પથરો કહેશો તો આ વાત આપણે અહીંયા જ અટકાવી દઈએ. દીકરી તો ફૂલોની ટોકરી છે, સંધ્યા ટાણે વાગતી રામજી મંદિરની ઝાલર છે, મહાદેવના ગર્ભગૃહમાં બળતી ધૂપસળી છે, શ્રાવણ માસની ઝરમર છે, હૈયાનું હેત છે અને છાતીનો ભીનો ખૂણો છે, જગતમાં દીકરીઓ છે એટલે જ તો પિતાઓના હૃદયમાં કુમાશ છે અને તમને દીકરી પથરા જેવી લાગે છે ?'

'પહેલા નહોતી લાગતી. એટલે તો સાત સાત દીકરીઓને જન્મવા દીધી. ક્યારેય પડાવી નાખવાનો વિચાર નથી કર્યો. જો કે દરેક વખતે દીકરો આવશે એવી આશા પણ હતી.'

'તો પછી આ પથરા પુરાણ ક્યારથી શરૂ થયું ?'

'હમણાં બે–ત્રણ મહિનાથી.'

'માંડીને વાત કરો, પણ ટૂંકાણથી'

કુસુમ બહેનની આંખોમાં ઝળઝળિયા આવી ગયા.

'શું કહું મારી પાંચમી દીકરી પિન્કી વંઠી ગઈ છે.'

'કોઈની સાથે નાસી ગઈ છે ?'

'એવું કર્યું હોત તો કંઇક પણ ઠીક હતું. નાહી નાખેત એના નામનું આ તો !'

કુસુમબહેન બોલતા ગયા અને રડતા રહ્યા. વાત જાણે એમ બની હતી કે પાંચમી દીકરી પીન્કી મવાલીઓના હાથમાં ફસાઈ ગઈ હતી. એમનું મકાન જે સોસાયટીમાં હતું તેની સામેની બાજુએ રોડ પર એક ગેરેજ આવેલું હતું. ગેરેજ નો માલિક સીધો માણસ હતો, પણ એના નાકે કેટલાક અસામાજીક તત્વોનો અડ્ડો જામેલો રહેતો હતો. સાત–આઠ ગુંડાઓ પતરાની ખુરશીઓ મૂકીને ત્યાં જ પડયા પાથર્યા રહેતા હતા. આવતી જતી જુવાન છોકરીઓની અભદ્ર છેડછાડ કરતા રહેતા હતા. મોટાભાગની છોકરીઓ આ ગેરેજ પાસેથી તરીને ઝડપથી પસાર થઈ જતી હતી. પણ પિંકી આ મવાલીઓ ની જાળમાં ફસાઈ ગઈ. પહેલીવાર માફિયા સરદારની એની ઉપર નજર પડી ત્યારે એણે આવી અશ્લીલ કોમેન્ટ ફટકારી દીધી.

'અરે વાહ શું નામ રાખ્યા છે ?'

બીજા ફોલ્ડરીયાએ માહિતી આપી.

'બોસ આ ફટાકડી નું નામ પિંકી છે.'

'વાહ ! જેવું રૂપ એવું જ નામ છે. ક્યાં ચીજ હે આખું બોડી પિંક લાગે છે.'

કોઈ પણ છોકરી આવી કોમેન્ટ સાંભળીને તમતમી ઊઠે. પણ પિન્કીને કોણ જાણે કેમ હસવું આવી ગયું . પન્ટરો તો ગેલમાં આવી ગયા

'ભાઈ, અબ તો ઇસકુ હમારી ભાભીજાન બના લો.'

માફિયા ડોન ઉભો થયો. એનો હાથ પકડી લીધો. પૂછવા લાગ્યો

'મુજસે દોસ્તી કરોગી'

પિંકી હા પાડી દીધી.

તેણે આવુ શા માટે કર્યું તે માનસશાસ્ત્ર નો વિષય છે.

મેં મારી જિંદગીમાં પિંકી જેવી પચાસેક યુવતીઓના કિસ્સાઓ જોયા છે અથવા સાંભળ્યા છે. જે બદમાશની સાથે પુરુષને પણ વાત કરવાનું ન ગમે તેવા ની સાથે જીવન પસાર કરવા માટે ખૂબસૂરત યુવતીઓ તૈયાર થઈ જાય છે. હું ઘણીવાર મનોમન વિચારી લઉં છું, માણસ ભવિષ્યમાં કેવું વર્તન કરશે એ માટે એનો જન્મ જ્ઞાતિ કુળ ઉછેર સોબત શિક્ષણ વાંચન કે પછી હજારો વર્ષથી એના ડીએનએમાં ઉતરી આવેલા જેનેટિક સંસ્કારો કોઈ જ ભાગ નહીં ભજવતો હોય ?

ખેર, પિંકીએ ધીમે ધીમે ગેરેજ પાસેના એ અડ્ડા માં બેસવાનું ચાલુ કરી દીધું. તમને માનવામાં તકલીફ પડશે પણ પિંકી હવે મધરાતના બાર બાર વાગ્યા સુધી એ નુક્કડ પર જ બેસી રહેતી હતી. ડોન બધી રીતે એને શારીરિક શોષણનો ભોગ બનાવ્યા કરતો હતો. પિંકીના પરિવારજનો માટે જીવન જીવવું મુશ્કેલી ભર્યું થઈ ગયું હતું. લોકો ઘેર આવીને કહી જતા હતા. કુસુમબહેન દીકરી ને સમજાવવાની કોશિશ કરે ત્યારે પેલો ડોન ઘરે આવીને ધમકી આપી જતો હતો.

‘એઈ બુઢિયા મરના હૈ ક્યા ? તું અપના કામ કર મુજે મેરા કામ કરને દે.’

આટલી વાત કરતાં મા તો કુસુમ બહેન રડી પડ્યા. મને બે હાથ જોડીને કહેવા લાગ્યા.

‘ભાઈ હું ઉઘાડી આંખે મારી દીકરીનું જીવન બરબાદ થતાં જોઇ રહી છું. ભગવાને જો એકાદ દીકરો આપ્યો હોત તો એ ગુંડાને.’

‘એ ગુંડા નું કાંઈ ન થયું હોત માજી, ઊલટું એણે તમારા દીકરાને કદાચ ઢીબેડી નાખ્યો હોત. મારું માનો, તો હવે તમે પિન્કીને ભૂલી જાવ. ભવિષ્યમાં લૂંટાઇ કુટાઇને બરબાદ થયા પછી રડતી રડતી પાછી તમારી પાસે આવે ત્યારે એને તમે ઘરમાં પેસવા ન દેતા. હું બીજું તો શું કરી શકું ?’

શ્રેયાની ડિલિવરી તો થવાની હતી તે તારીખે થઈ ગઈ. બધું પતી ગયું. હું એ માં દીકરીને લગભગ ભૂલી જવાની અણી ઉપર પહોંચી ગયો હતો. અચાનક એક દિવસ સાંજના સમયે એક આઇપીએસ પોલીસ કમિશનરનો ફોન આવ્યો. ક્યાંકથી મારો રેફરન્સ મળ્યો હશે કહી રહ્યા હતા.

‘સર, મારી વાઇફને પ્રોબ્લેમ છે. આઈ વોન્ટ ટુ કન્સલ્ટિંગ.

તમે મારા ઘરે વિઝિટ પર આવશો પ્લીઝ ? ના ન પાડશો. હું કાર મોકલાવું છું.’

હું ગયું કામ પતી ગયા પછી ચા નો કપ માણતી વખતે એ 6 feet 4 inch ઊંચા અને 110 કિલોગ્રામ વજન ધરાવતા સાહેબે મને પૂછ્યું.

‘મારે કેટલા રૂપિયા આપવાના ? યોર ફીસ ?’

મને શું સુજ્યું તો મેં સામે પૂછ્યું.

‘કેશમાં આપશો કે કાઇન્ડમાં ?’

‘જે રીતે તમે માગશો તે રીતે’

તેમણે અદભુત અદબપૂર્વક કહ્યું મેં પિંકી ડોન ગેરેજ અડ્ડો એક બુઢિયામાં ના ચહેરા ઉપર ચિતરાયેલા ચિંતાના વાદળો વિશે વાત કરી. પછી વિનંતી કરી જો થઈ શકે તો આટલું કામ કરી આપજો. એક માં તમને આશીર્વાદ આપશે અને એક ડોક્ટર તમારો આભાર

માનશે.' 'આ કામ તો નાનું છે. થઈ જશે બીજું માંગો.'

'ના, આ કામ જ ખૂબ મોટું છે.'

હું હાથ મેળવીને નીકળી ગયો. બીજા દિવસની સાંજે જ કમિશનર સાહેબે સપાટો બોલાવી દીધો. ગેરેજની બહાર પોલીસની ટુકડીઓ એ રેડ પાડી. એ બદમાશને મારી મારીને એની ચામડી ઉતારી નાખી અને જેલભેગો કરી દીધો સાથેસાથ ૮ ચમચાઓ ને પણ અંદર કરી દીધા. વાંક કયો ?! તો કે' જાહેરમાં અશ્લીલ ચેનચાળા કરવાનો. મહિલા પોલીસે પિક્કીને પણ બે લાકડીઓ ફટકારી દીધી. પિક્કીને બ્લેકક્કી બનાવી દીધી. છ સાત માસ થી ચાલતી આવતી ધારાવાહિક સીરીયલ "નુક્કડ ની નફટલીલા" રાતોરાત બંધ થઈ ગઈ. કુસુમ બહેનને ક્યારેય ખબર ના પડી કે આ કામ કેવી રીતે પાર પડ્યું.

(કુસુમ બહેન નદીપારના દૂરના મધ્યમ વર્ગીય વિસ્તારમાં રહેતા હતા )

લેખક – ડો. શરદ ઠાકર

---

## ડોક્ટર શરદ ઠાકર

અચાનક વરસો પછી અમદાવાદની મોટી જનરલ હોસ્પિટલનાં ઓપરેશન થિયેટરના ગ્લાસ–ડોર પાસે એક જૂની ઓળખાણ જીવતી થઈ. મારા સ્વજનના પગનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. હાડકામાં સળીયો દાખલ કરવાનો હતો. આવશ્યકતા એક જ સળીયાની હતી, પણ મને ચૌદ–પંદર સળીયા લાવવાનું પ્રિસ્ક્રીપ્શન આપવામાં આવ્યું હતું. અને ઓપરેશનના અંતે મને કહેવામાં આવ્યું કે એક સળીયો કામમાં આવ્યો હતો, બાકીનાં બધા જ વળી ગયા હતા.

"હું એ નકામા થઈ ગયેલા સળીયાઓ જોઈ શકું?" મેં ઉદ્ધત હાઉસમેનને પૂરેપૂરી વિનમ્રતાથી પૂછ્યું.

એણે અંગ્રેજોની શૈલીમાં ખભા ઊલાળ્યા : "અફ કોર્સ ! સિસ્ટર, બ્રિંગ ધોઝ નેઇલ્સપ" અને જવાબમાં સફેદ યુનિફોર્મમાં અપ્સરાની જેમ શોભતી સૌમ્ય ચહેરાવાળી એક યુવાન નર્સ કોરીડોરમાંથી ચાલી આવતી મને જોવા મળી. હાઉસમેન તો જતો રહ્યો હતો. નર્સ છેક નજીક આવી ત્યારે અમને પરસ્પરની ઓળખાણ પડી.

"અરે, તમે ?!"

"અરે, તું ?!"

ક્ષણો એમ જ પસાર થઈ ગઈ. એ એન્જેલા હતી. હું જ્યારે એમ.ડી.ના અભ્યાસક્રમમાં હતો ત્યારે એ સ્ટુડન્ટ નર્સ હતી. મેં એને જોઈ એ પહેલાં એનાં વિષે મને સાંભળવા મળ્યું હતું.

એ દિવસે શુક્રવાર હતો. દર ગુરૂવારે રાત્રે મારી ઇમરજન્સી ડ્યુટી રહેતી હતી. શુક્રવારની સાંજ હું મારા બે અંગત મિત્રો સાથે નવરાશમાં વિતાવતો. થોડું ફરીએ, ગપ્પા મારીએ, આશ્રમરોડ ઉપર એમ જ નિરૂદેશ ચાલવા નીકળી પડીએ. પછી કકડીને ભૂખ લાગે એટલે અમારી માનીતી રેસ્ટોરન્ટમાં જમવા જઈએ. હાથી ખાય એટલું જમીએ. એ વખતે એ રેસ્ટોરન્ટ નવી–સવી ખૂલી હતી. રવિવાર ન હોય એટલે ભીડ ઓછી હોય. તાજા પ્રેમી–પંખીડા દૂરના ખૂણા પાસેનું એક એક ટેબલ પચાવીને ગૂટરગું કરતા હોય. આછા કેન્ડલલાઇટમાં

જગજીતસિંહનો ઘેરો અવાજ ભળીને માદક વાતાવરણ ઊભું કરતો હોય અને !

અચાનક એ શુક્રવારે મારી નજર કોર્નર ટેબલ પાસે બેઠેલા ડૉ. રાગેશ ઉપર પડી. એ અસ્થિવિભાગમાં હાઉસમેનશીપ કરી રહ્યો હતો. મારો ગાઢ મિત્ર તો ન કહેવાય, પણપ બસ, મિત્ર હતો. અને એની સાથે એક છોકરી હતી. સાથે એટલે બાજુમાં નહીં, પણ એની બરાબર સામે. એ એવી રીતે બેઠી હતી કે હું એનો ચહેરો જોઈ શકતો ન હતો. મને માત્ર એની પીઠ જ દેખાતી હતી અને એ પીઠ કહી આપતી હતી કે એ કોઈના પ્રેમમાં છે. પ્રેમિકાનાં શરીરને એની આગવી ભાષા હોય છે. મને આવી બોડી લેંગ્વેજ જોવાનું હંમેશાં ગમે છે. એ સાંજે પણ ગમ્યું.

બીજે દિવસે ટેબલ–ટેનિસ રૂમમાં રાગેશ મળી ગયો.

“ગેઇમ રમીશું ?” એણે મને પૂછ્યું.

“ના, માત્ર સર્વિસની પ્રેક્ટીસ કરું છું. ઇચ્છા હોય તો આવી જા.” મેં પરસેવો લૂંછતા કહ્યું.

“સ્પર્ધામાં ભાગ લેવાની ઇચ્છા છે ?”

“ના, મને લવ–ગેઇમમાં રસ નથી.” મેં જાણી જોઈને ‘લવ’ શબ્દને ટેબલ–ટેનિસની રમતની પરીભાષા સાથે જોડી દીધો. પછી દડીને હવામાં ઉછાળીને રેકેટ એવી રીતે ફટકાર્યું કે એ ઘૂમરી ખાઈને એના હિસ્સામાં જઈ પડે, સાથે મારો પ્રશ્ન પણ!

“કોણ હતી? કાલ રાતવાળીપ ! સીઝલર જમી રહ્યો હતોપ !”

એ ગરમાગરમ હસ્યો : “કેવી લાગી ?”

“જોઈ નથી. મારો ઍંગલ ઠીક ન હતો. ઉપાડ સર્વિસપ !!” મેં ઉત્તેજીત સ્વરે કહ્યું. એ દડીને ઉઠાવી ન શક્યો. એ પાંચમી સર્વિસ હતી. એ થાકી ગયો. હમણાં જ જમીને આવ્યો હતો એટલે હશે કદાચ. નેપકીનથી પરસેવો લૂછતો એ બાજુમાં પડેલી ખુરશીમાં બેસી પડ્યો.

“લવર નહોતી, લફરું છે. એક ઓર નયા પંછી” એણે ક્રિકેટની પીચ ઉપર રન વધારતા ખેલાડીની અદાથી જવાબ આપ્યો.

દડી પકડેલો મારો હાથ સહેજ ધ્રૂજી ગયો : “નામ?”

“એન્જેલા.”

“સુંદર તો છે ને ?”

“વાત જ ન થાય. એણે ખીસ્સામાંથી બ્રિસ્ટોલનું પેકેટ કાઢ્યું. સીગારેટ સળગાવી. હોઠ વચ્ચે મૂકી. બે–ચાર કશ માણીને આંગળી અને અંગૂઠાની ચપટી વગાડીને રાખ ખંખેરી: “એમ તો મને બ્રિસ્ટોલ પણ ખૂબ ગમે છે. પણ અંતે શું ? એની લિજ્જત માણી લેવાની અને પછી રાખનેપ” એણે ફરીથી ચપટી વગાડી.

મારો હાથ ફરીથી ધ્રૂજી ઊઠ્યો. કંપન થોડુંક જ હતું, પણ મહત્ત્વ એની માત્રાનું નહોતું, એના હોવાનું હતું. એન્જેલા વિષે સાંભળ્યાની આ પ્રથમ ઘટના. એ પછી મેં એને જોઈ. એક વાર આશ્રમરોડ પરના સિનેમાઘરમાં મેટીની શોમાં ‘દુલારી’ પડ્યું હતું એ જોવા ગયો. બાલ્કનીના અંધકારથી આંખો ટેવાયા પછી જોયું તો મારી આગળની હરોળમાં જ રાગેશ અને એન્જેલા બેઠા હતાં. રાગેશનો હાથ એન્જેલાનાં હાથમાં હતો. ફરી એક વાર અમે એ રીતે

બેઠા હતા કે હું એનો ચહેરો જોઈ શકતો ન હતો અને એની પીઠ જોઈને હું કહી શકતો હતો કે એન્જેલા પ્રેમમાં હતી.

બીજા દિવસે મેં રાગેશને પૂછ્યું : "કેવું લાગ્યું 'દુલારી ? એન્જેલાએ તારો હાથ એના હાથમાં પકડી જ રાખ્યો હતો ને કંઈ!"

જવાબમાં રાગેશે જમણા હાથની અનામિકા ઉપર પહેરેલી સોનાની વીંટી બતાવી : "એન્જેલાએ પહેરાવી. ગઈ કાલે ફિલ્મ જોતા જોતા."

"કારણ ?"

"એ ગાંડી એમ સમજે છે કે હું એની સાથે લગ્ન કરવાનો છું. આ વિક એન્ડમાં આબુ જઊં છું, એન્જેલાની સાથે."

"લગ્ન કરવાનો છે તું એની સાથે?" મેં પૂછ્યું. મારી નજર હજુ પણ એન્જેલાએ આપેલી વીંટી તરફ હતું.

"લગ્ન ?!" રાગેશ હસ્યો: "અરે, આ વીંટીમાંથી તો હું આબુ જવાનો ખર્ચ કાઢવાનો છું. એન્જેલાને કહી દઈશ કે વીંટી ખોવાઈ ગઈ."

ફરીથી મેં કંપન અનુભવ્યું. પછી કંઈક વિચારીને પૂછ્યું: "રાગેશ, આપણે મિત્રો છીએ. મારું કહેવું માનીશ ? વચન આપ."

"શું ?"

"ગાવસ્કરે કેટલીયે સદિઓ ફટકારી. એકાદ ઇનિંગ્ઝમાં એકાદ રન જતો કરે તો એને કેટલો ફરક પડવાનો છ`?"

"મતલબ ?"

"આ છોકરીને જવા દે. મને ખબર છે કે તું એની સાથે લગ્ન નથી કરવાનો, નહીંતર મેં એ જ વચન માગ્યું હોત. પણ આ છોકરી તારી રમતને બરદાસ્ત નહીં કરી શકે. જવા દેપ ! પ્લીઝ !"

રાગેશે મારી સામે જોયું. શું જોયું એ એને જ ખબર, પણ બીજી જ ક્ષણે એણે વીંટી ઊતારીને મારા હાથમાં મૂકી દીધી: "તારી વાત સાચી છે. એન્જેલા એવી નથી. એ કોઈ સારા પતિની પત્ની બની શકે એવી છે. હવે પછી હું ક્યારેય એને નહીં મળું. આ વીંટી તું જ એને સોંપી દેજે."

અને જ્યારે હું એંશીની સાલના ડિસેમ્બર મહિનાની એક હુંફાળી બપોરે ઓર્થોપેડીક ઓપરેશન થિયેટરના બારણા પાસે ઊભો રહીને એન્જેલા નામની સ્ટુડન્ટ નર્સની હથેળીમાં એની જ વીંટી એને પરત સોંપી રહ્યો હતો, ત્યારે એણે ફક્ત એટલું જ પૂછ્યું : "કેમ ? શું થયું ? રાગેશની ઇર્ષા આવી ?"

મેં કહ્યું: "ના, તારી દયા આવી. વધુ કંઈ ન પૂછીશ. મારા મિત્ર વિષે મારી પાસે ઘસાતો શબ્દ ન બોલાવીશ. પણ એક વાત સમજી લે, તું સ્ત્રી છે. વીંટી અને શરીર કોઈને લગ્ન પહેલાં ન સોંપીશ."

એન્જેલા ખરેખર સ્ત્રી હતી. મારી વાત એની તમામ અર્થછાયાઓ સાથે એ સમજી ગઈ.

મનમાં બબડતી હોય એમ બોલી ગઈ: "થેક્ન્યુ, શરદભાઈ ! આવતા અઠવાડિયે ક્રિસ્ટમસ છે. જીસસને જોઈશ ત્યારે તમને જરૂર યાદ."

એ પછી અમે ક્યારેય મળ્યા નહીં. રાગેશ તો ઓર્થોપેડીક સર્જન બનીને અમેરિકા ચાલ્યો ગયો. ગ્રીનકાર્ડ હોલ્ડર પત્ની એને ફાવી ગઈ. એન્જેલાનું શું થયું એની મને ક્યાંથી ખબર મળે ? સિવાય કે એ જાતે મને ક્યાંક મળી જાય.

અને આટલા વરસ પછી એ મને મળી ગઈ હતી. એને જોઈને મારી આંખમાં આનંદનો ચમકારો હતો. અને મને જોઈને એની આંખમાં આશ્ચર્ય હતું.

"એન્જેલા, તમે લોકો શું કરો છો? મારા બનેવીના ઓપરેશનમાં આટલા બધા સળીયા વાપરી નાખ્યા ?"

એ મીઠું હસી : "કોણ કહે છે ? માત્ર એક જ નેઇલ વપરાયો છે, આ બધા તો દર્દીના સગાંને બતાવવા માટે સંઘરી રાખેલો ભંગાર છે. હું હમણા આવી. પ્લીઝ, તમે ક્યાંય જતા નહીં."

એ ગઈ. એની ચાલમાં ગતી હતી. એ આવી. એની ચાલમાં ઉમંગ હતોપ અને બાકી બચેલા તમામ સળીયાઓ પણ હતા. તદ્દન સારા અને સહેજ સરખો ઘસરકો પણ ન પડ્યો હોય એવા.

"લોપ ! જ્યાંથી ખરીદયા હોય ત્યાં પાછા આપી દેજો. પૈસાનું રીફંડ મળી જશે." એન્જેલા હસી. એક માયાળુ મિત્ર જેવું. એક પ્રમાણિક નર્સ જેવું અને એક પ્રેમાળ સ્વજન જેવું.

હું પણ હસ્યો: "એન્જેલા, પૈસાનું રીફંડ તો મળશે ત્યારે મળશે, અત્યારે તો લાગે છે કે મને સોનાની વીંટીનું રીફંડ મળી રહ્યું છે."

એ હસતી અટકી ગઈ. અમારી બંનેની નજર ઓપરેશન થીયેટરના દ્વાર પર, અંદરની કોરીડોર પર, બહારના પેસેજ પર અને બાજુની દિવાલ પર પડી. એ જ સ્થળ હતું અને એ જ બે વ્યક્તિઓ હતી. એક વેદનાભરી સ્મૃતિ હતી. એન્જેલાની આંખોના તળાવમાં તળિયે જરા ભીનાશ જેવું પ્રગટ્યું.

મેં પૂછ્યું: "પરણી ગઈ ?"

"હા." એણે માથું હલાવ્યું.

"સુખી છે ?"

"ખૂબ જ !" એના રૂપાળા ચહેરા પર સુખ તરતું હતું. આંખોમાં આંસુ હતા. શેના હશે ? ખુશીનાં ? તૃપ્તિનાં ? આટલા વરસે મને મળી ગયાનાં ? કે પછી એ કંઈક કહેવા માગતી હતી ?

એનાં હોઠ ફફડ્યા. મેં પૂછ્યું: "કંઈક કહેવું છે? શું ?"

"કંઈ ખાસ નહીં, બસ! એટલું જ કે મારું ચાલે તો સ્ટેઇનલેસ સ્ટીલની જગ્યાએ આ તમામ સળીયા તમને સોનાના બનાવીને આપું. તમે મને ડૂબતાં બચાવી છે." આ એની સાથેની મારી અત્યાર સુધીની છેલ્લી મુલાકાત. હું ત્યાં ઊભો હતો અને એ ચાલી ગઈ. હું એની પીઠને જોઈ રહ્યો. મારા માટે તો એન્જેલાનાં ચહેરા જેટલી જ એની પીઠ પણ પરીચીત હતી.

"આ છૂટાછેડાના કાગળો પર સહી કરી દે. આ ઘરમાં તારી જવાબદારી હવે પૂરી થઈ ગઈ છે." મારા પતિ રાહુલે જેવી ફાઈલ મારી સામે ટેબલ પર મૂકી, મારી આંગળીઓ ત્યાં જ થંભી ગઈ. હજુ માંડ પંદર દિવસ પહેલાં જ મેં મારા સ્વર્ગસ્થ પિતાની છેલ્લી નિશાની, એમના નામની પાંચ વીઘા વારસાગત જમીન વેચીને રાહુલના પરિવારને બરબાદ થતો બચાવ્યો હતો. એ જમીન માટે મારા પપ્પાએ મરતી વખતે મારો હાથ પકડીને કહ્યું હતું, "બેટા ભલે આખી દુનિયા સાથ છોડી દે, પણ આ જમીન ક્યારેય ન વેચતી. આ તારી ઢાલ છે." પણ મેં એ વચન પણ તોડી નાખ્યું કારણ કે મને લાગ્યું હતું કે હવે મારું સાચું કુટુંબ મારું સાસરિયું જ છે. અને આજે એ જ પરિવારનો દીકરો મારી સામે છૂટાછેડાના કાગળો મૂકીને કહી રહ્યો હતો કે મારી જરૂર પૂરી થઈ ગઈ છે.

મેં કંઈ પણ બોલ્યા વગર રાહુલની આંખોમાં જોયું. તેના ચહેરા પર સહેજ પણ શરમ નહોતી. મારાં સાસુ શારદા દેવી સોફા પર બેઠાં હતાં. એમણે ઠંડા અવાજે કહ્યું, "વહુ જ્યારે સંબંધ સચવાતો ન હોય ત્યારે શાંતિથી અલગ થઈ જવું જ સારું રહે છે." મારું હાસ્ય છૂટી ગયું. સંબંધ સચવાતો નહોતો કે પછી મારો ઉપયોગ પૂરો થઈ ચૂક્યો હતો ?

મારું નામ નૈના છે. મારા લગ્નને આઠ વર્ષ થઈ ચૂક્યા હતા. જ્યારે હું આ ઘરમાં આવી હતી, ત્યારે રાહુલનો પારિવારિક ટ્રાન્સપોર્ટનો બિઝનેસ સારો ચાલતો હતો. પણ લગ્નના ત્રણ વર્ષ પછી રાહુલ અને તેના કાકાની એક ખોટી ડીલે કંપનીને કરોડોના દેવામાં ડૂબાડી દીધી. બેંકે નોટિસ મોકલી આપી. ટ્રકોની હરાજી થવાની નોબત આવી ગઈ હતી. ઘર પણ ગિરવે મૂકવાની સ્થિતિ ઊભી થઈ ગઈ હતી. તે દિવસોમાં રાહુલ રોજ રાત્રે માથું પકડીને બેસી જતો હતો.

સાસુમા રડતાં રહેતાં હતાં. સગાં-સંબંધીઓએ ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા. એ જ સમયે મેં પહેલીવાર મારા પપ્પાની જમીનનું નામ લીધું. રાહુલે પહેલાં ના પાડી. બોલ્યો, "નૈના, એ તારા પપ્પાની છેલ્લી નિશાની છે." પણ બીજા જ દિવસે જ્યારે બેંકની છેલ્લી નોટિસ આવી ત્યારે એ જ રાહુલ મારી સામે બેસીને રડી પડ્યો. "જો આ વખતે બિઝનેસ નહીં બચે તો આપણે રસ્તા પર આવી જઈશું." હું આખી રાત ઊંઘી ન શકી. સવારે હું મારા પિયર ગઈ. એ સૂમસામ જમીન પર ઊભા રહીને હું ખૂબ રડી. એવું લાગી રહ્યું હતું જાણે હું મારા પપ્પાને છેલ્લી વાર મળી રહી હોઉં. પણ આખરે મેં સહી કરી દીધી. જમીન વેચાઈ ગઈ. પૂરેપૂરા ચાલીસ લાખ રૂપિયા સીધા બેંકમાં જમા થયા. બેંકની કાર્યવાહી અટકી ગઈ. કંપની બચી ગઈ. સાસુમાએ મને ગળે લગાવીને કહ્યું હતું, "વહુ નહીં લક્ષ્મી બનીને આવી છે તું." રાહુલે બધાની સામે મારો હાથ પકડીને કહ્યું હતું, "હું જિંદગીભર તારો આ ઉપકાર નહીં ભૂલું." સંબંધીઓએ મારા વખાણના પુલ બાંધી દીધા હતા.

મને લાગ્યું હતું કે મારું ઘર હંમેશાં માટે બચી ગયું અને મારો સંસાર સુખી થઈ ગયો. પણ હું ભૂલી ગઈ હતી કે સ્વાર્થી માણસો માટે સંબંધો માત્ર સોદાબાજી હોય છે.

જમીન વેચાયાના માત્ર પંદર દિવસમાં જ રાહુલે પોતાનો અસલી રંગ બતાવી દીધો. જ્યારે તેણે છૂટાછેડાના કાગળો મારી સામે ટેબલ પર ફેંક્યા, ત્યારે મારી આંખોમાંથી એક પણ આંસુ ન પડ્યું. મારું દિલ પથ્થર થઈ ગયું હતું. મને મારા સ્વર્ગીય પિતાનો ચહેરો યાદ આવ્યો અને

એમણે મરતી વખતે કહેલા છેલ્લા શબ્દો મારા કાનમાં ગુંજવા લાગ્યા: "બેટા, આ જમીન તારી ઢાલ છે. દુનિયા સાથ છોડી દે પણ તારી ઢાલ ક્યારેય ન છોડતી." તે ક્ષણે મારી અંદરની એક ભોળી પત્ની મરી ગઈ અને એક સ્વાભિમાની, મજબૂત દીકરીનો જન્મ થયો.

મેં કાગળો હાથમાં લીધા, એક નજર ફેરવી અને અત્યંત શાંત અવાજે પૂછ્યું, "રાહુલ, આ તારો આખરી નિર્ણય છે? તને જરાય પસ્તાવો નથી ?"

રાહુલે આંખો ફેરવીને ઘમંડથી કહ્યું, "હા, આ મારો છેલ્લો નિર્ણય છે. હવે કંપની પણ બચી ગઈ છે અને બિઝનેસ પણ સેટ થઈ ગયો છે. તારી સાથે હવે મારું કોઈ ભવિષ્ય નથી. તું શાંતિથી સહી કરી દે, તારા માટે એ જ સારું રહેશે."

સોફા પર બેઠેલાં સાસુ શારદા દેવીએ પણ મોઢું ફેરવીને કહ્યું, "હા વહુ, હવે કકળાટ કરવાનો કોઈ અર્થ નથી. અમે તારા વગર પણ સુખી રહી શકીશું."

હું એક ક્ષણ માટે ખડખડાટ હસી પડી. મારી એ હાસ્યમાં લાચારી નહીં, પણ એક અદભુત આત્મવિશ્વાસ હતો. મેં ટેબલ પરથી પેન ઉપાડી નહીં, પણ ધીમેથી મારા પર્સની ચેન ખોલી અને અંદરથી એક બ્લૂ કલરની લીગલ ફાઈલ કાઢીને ટેબલ પર પટકી.

"રાહુલ, તું ભૂલી ગયો કે હું એક વકીલ અને હોંશિયાર ખેડૂતની દીકરી છું. જે દિવસે મેં પપ્પાની પાંચ વીઘા જમીન વેચી હતી, તે દિવસે ચાળીસ લાખ રૂપિયા સીધા બેંકમાં જમા કરાવતાં પહેલાં મેં મારા પપ્પાના જૂના વકીલ મિત્ર પાસે જઈને કાનૂની દસ્તાવેજ તૈયાર કરાવ્યા હતા. તે રકમ કોઈ દાન કે દહેજ નહોતી, પણ ટ્રાન્સપોર્ટ કંપનીમાં મારું ૬૫ ટકાનું સત્તાવાર શેર–હોલ્ડિંગ હતું. બેંકની લોન ટેકઓવર કરતી વખતે આ ઘર અને કંપનીના તમામ ટ્રક મારા નામે ગિરવે મુકાયા છે. રજિસ્ટ્રાર ઓફિસ અને બેંકના સત્તાવાર ચોપડે હવે આ ટ્રાન્સપોર્ટ કંપની અને આ મકાનની માલિક હું છું. તું અને તારા કાકા તો માત્ર પગારદાર મેનેજર છો !"

આ સાંભળતાં જ રાહુલના ચહેરાનો રંગ ઊડી ગયો. તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હોય તેમ તે ખુરશી પર બેસી પડ્યો. સાસુ શારદા દેવી ધ્રૂજતી હાલતમાં સોફા પરથી ઊભાં થઈ ગયાં અને ગભરાયેલા અવાજે બોલ્યાં, "વહુ તું આ શું બોલે છે ? આ અમારું ઘર છે, અમારા વડવાઓનો બિઝનેસ છે!"

"ના સાસુમા, આ તમારું કશું જ નથી રહ્યું," મેં દ્રઢતાથી કહ્યું. "તમે જ કહ્યું હતું ને કે હું તમારા ઘરમાં લક્ષ્મી બનીને આવી છું ? તો સાંભળી લો, જ્યાં લક્ષ્મીનો અનાદર થાય અને સ્વાર્થ માટે તેનો ઉપયોગ કરવામાં આવે, ત્યાં વિનાશ નિશ્ચિત હોય છે."

મેં રાહુલ સામે જોયું અને છૂટાછેડાના કાગળો પર સડસડાટ સહી કરી દીધી. ત્યારબાદ તે કાગળો રાહુલના હાથમાં પકડાવતાં કહ્યું :

"લે, આ તારી આઝાદી. આ સંબંધમાંથી હું આજે જ મુક્ત થાઉં છું. પણ યાદ રાખજે, કાલ સવારે દસ વાગ્યે મારી લીગલ ટીમ અને પોલીસ આ ઘરનો કબજો લેવા આવશે. જો તમારે બંનેને આ ઘરમાં રહેવું હોય તો દર મહિને પચાસ હજાર રૂપિયા ભાડું ચૂકવવું પડશે, અને ઓફિસમાં કામ કરવું હોય તો મારા હાથ નીચે નોકરી કરવી પડશે. નહીં તો સામાન પેક કરીને રસ્તા પર જવાની તૈયારી કરી લેજો."

રાહુલના હોશ ઊડી ગયા. તેનું બધું જ ઘમંડ ધૂળમાં મળી ગયું. તે મારા પગ પકડીને રડવા લાગ્યો, "નૈના, મને માફ કરી દે! હું લાલચમાં આંધળો થઈ ગયો હતો. તું આ ઘર છોડીને ન જા, આપણે ફરીથી બધું સરખું કરી લઈશું."

મેં મારો પગ પાછો ખેંચી લીધો અને નફરતથી તેની સામે જોયું. "માફી ભૂલની હોય રાહુલ, વિશ્વાસઘાત અને ધોખાની ક્યારેય નહીં."

હું મારી સુટકેસ ઉપાડીને માથું ઊંચું રાખીને એ ઘરમાંથી બહાર નીકળી ગઈ. બહાર ખુલ્લી હવામાં ઊંડો શ્વાસ લેતાં મને લાગ્યું કે મારા પપ્પા આકાશમાંથી મારી સામે જોઈને ગર્વથી હસી રહ્યા છે. એમની જમીન ભલે જતી રહી હતી, પણ એમણે આપેલી હિંમત અને સંસ્કારોએ મને ઝૂકવા ન દીધી.

ત્યારબાદ મેં પાછળ વળીને ક્યારેય ન જોયું. મેં પોતે ટ્રાન્સપોર્ટ બિઝનેસની કમાન સંભાળી, દિવસ–રાત પ્રામાણિકતાથી મહેનત કરી અને કંપનીને આખા રાજ્યમાં નંબર વન બનાવી દીધી. રાહુલ અને તેના પરિવારને પોતાના કર્મની સજા મળી ગઈ, જ્યારે મને મારું ખોવાયેલું સ્વાભિમાન અને એક નવી, સન્માનભરી જિંદગી મળી. સસરાજીની ચિતાની રાખ પણ હજી ઠરી નહોતી કે મારા દિયરે મારી સામે કેટલાક કાગળો મૂકી દીધા. 'ભાભી, પપ્પાની વસિયતમાં તમારું નામ ભૂલથી આવી ગયું છે. બસ અહીં સહી કરી દો.' આખા ઘરમાં બેઠેલા સગા–સંબંધીઓ મારી સામે જોવા લાગ્યા. મારી નણંદના ચહેરા પર એક વિચિત્ર સ્મિત હતું અને સાસુ પોતાની આંખો નીચી ઢાળીને બેઠા હતા. મેં કાગળને અડ્યા વગર ફક્ત એક જ સવાલ પૂછ્યો, "તિજોરીની બીજી ચાવી કોની પાસે છે ?" આટલું સાંભળતાં જ દિયરના ચહેરાનો રંગ ઊડી ગયો. નણંદે ગભરાઈને સાસુ તરફ જોયું અને સાસુએ પહેલી વાર મારી આંખોમાં આંખ મેળવવાની હિંમત ન કરી. મને એ જ ક્ષણે સમજાઈ ગયું કે પપ્પાજી મૃત્યુ પહેલાં જે વાત મને કહી ગયા હતા, તે આ ત્રણેયે હજુ સુધી કોઈને જણાવી નહોતી.

મારું નામ આરતી છે. મારા લગ્નને સાત વર્ષ થયાં હતાં. મારા પતિ અમિતનું બે વર્ષ પહેલાં એક રોડ અકસ્માતમાં અવસાન થયું હતું. ત્યાર પછીથી પપ્પાજીએ મને વહુ નહીં, પોતાની દીકરી બનાવીને આ ઘરમાં રાખી હતી. આ જ વાત મારા દિયર રોહિત અને નણંદ પૂજાને ક્યારેય ગમી નહીં. બંનેને હંમેશાં લાગતું કે પપ્પાજી મને જરૂર કરતાં વધારે મહત્ત્વ આપે છે. જ્યારે પણ કોઈ મોટો નિર્ણય લેવાનો હોય, ત્યારે પપ્પાજી મારો અભિપ્રાય ચોક્કસ પૂછતા. આ જ વાતથી બંનેના મનમાં મારા પ્રત્યે ઈર્ષ્યા વધતી ગઈ.

છ મહિના પહેલાં પપ્પાજીને ખબર પડી કે તેમને કેન્સર છે. ડૉક્ટરે સ્પષ્ટ કહી દીધું હતું કે ઇલાજ મુશ્કેલ છે. તે દિવસથી મેં મારી નોકરી પણ છોડી દીધી. દિવસ–રાત હૉસ્પિટલ, દવાઓ, રિપોર્ટ્સ, જમવાનું, રાતોનું જાગરણ બધું જ મેં સંભાળ્યું. રોહિત દર વખતે એવું જ કહેતો, "ભાભી, ઑફિસમાંથી રજા નથી મળતી." પૂજા કહેતી, "મારા બાળકોની પરીક્ષા ચાલે છે." અને બા બધાને એવું જ કહેતા, "મારી વહુ જ મારો સહારો છે."

પરંતુ જેમ જેમ પપ્પાજીની તબિયત બગડતી ગઈ, તેમ તેમ મેં બીજી એક બાબત નોંધવાનું શરૂ કર્યું. રોહિત વારંવાર સ્ટડી રૂમમાં જઈને કબાટ અને તિજોરી ખોલવાનો પ્રયત્ન

કરતો હતો. એક દિવસ મેં તેને પકડી પાડ્યો. તેણે હસીને કહ્યું, "જૂના કાગળો જોતો હતો ભાભી." વાત ત્યાં પૂરી થઈ ગઈ, પણ તે જ રાત્રે પપ્પાજીએ મને પોતાના રૂમમાં બોલાવી. તેમણે ધ્રૂજતા હાથે ઓશિકા નીચેથી એક નાની ચાવી કાઢી અને મારા હાથમાં મૂકી દીધી. પછી ખૂબ ધીમા અવાજે બોલ્યા, "આરતી જો મારા ગયા પછી કોઈ તારી પાસે વસિયત પર ઉતાવળમાં સહી કરાવવાનો પ્રયત્ન કરે. તો ક્યારેય ન કરતી. પહેલાં આ ચાવીથી તિજોરીનું નીચેનું લૉકર ખોલજે. ત્યાં જે મળશે. તે જ તને સાચું શું છે તે જણાવશે." હું કંઈ પૂછી શકું તે પહેલાં જ તેમને જોરથી ઉધરસ આવી ગઈ. બીજા દિવસે તેમની તબિયત વધુ બગડી ગઈ

બીજા દિવસે તેમની તબિયત વધુ બગડી ગઈ અને હોસ્પિટલ પહોંચતા સુધીમાં તો પપ્પાજી હંમેશ માટે આંખો મીંચી ગયા.

તેમના ગયા પછી ઘરમાં શોકનો માહોલ હતો, પણ રોહિત અને પૂજાના મનમાં માત્ર મિલકત જ ચાલતી હતી. બેસણું પૂરું થતાં જ, સગા–સંબંધીઓની હાજરીમાં રોહિતે આ કાગળો મારી સામે ધરી દીધા હતા.

જ્યારે મેં પૂછ્યું કે "તિજોરીની બીજી ચાવી કોની પાસે છે?" ત્યારે રોહિતે થોથવાતાં કહ્યું, "ભાભી, ચાવી તો પપ્પા પાસે જ રહેતી હતી, અમને શું ખબર? તમે ખોટી વાતોમાં વાત ન ફેરવો, આ કાગળો પર સહી કરો જેથી પ્રોપર્ટીનું કામ આગળ વધે."

મેં શાંત અવાજે તમામ સંબંધીઓને કહ્યું, "કાકાજી, મામાજી... પપ્પાજી મને હોસ્પિટલમાં એક વાત કહી ગયા હતા. તેમણે મને તિજોરીના નીચેના લૉકરની ચાવી આપી છે. હું ઈચ્છું છું કે તમારા બધાની હાજરીમાં એ લૉકર ખોલવામાં આવે."

આ સાંભળીને પૂજા બોલી ઊઠી, "આ ઘરની વહુ છે, દીકરી નથી! એને પપ્પાની તિજોરી ખોલવાનો કોઈ હક નથી."

પણ પંચમાં બેઠેલા વડીલોએ કહ્યું, "જો વડીલ ચાવી આપી ગયા હોય, તો બધાની સામે તિજોરી ખોલવામાં શું વાંધો છે?"

બધા સ્ટડી રૂમમાં ગયા. રોહિતના કપાળ પર પરસેવો વળી ગયો હતો. મેં પપ્પાજીએ આપેલી નાની ચાવીથી તિજોરીનું નીચેનું ગુપ્ત ખાનું ખોલ્યું. અંદરથી એક ડાયરી, એક વિડિયો પેનડ્રાઈવ અને રજિસ્ટર્ડ વસિયતનામું નીકળ્યું.

અમે બધાએ ટીવી પર પેનડ્રાઈવ ચાલુ કરી. સ્ક્રીન પર પપ્પાજીનો છેલ્લો વિડિયો આવ્યો. ભારે અવાજે પપ્પાજી બોલી રહ્યા હતા:

"જો તમે આ વિડિયો જોઈ રહ્યા છો, તો હું આ દુનિયામાં નથી. હું જાણું છું કે મારા ગયા પછી રોહિત અને પૂજા આરતી સાથે અન્યાય કરવાનો પ્રયત્ન કરશે. રોહિતે મારા નામે ૫૦ લાખ રૂપિયાની ખોટી લોન લીધી છે અને મારા નકલી સહીવાળા કાગળો બનાવ્યા છે. પૂજાએ મારી સારવાર માટે એક રૂપિયો પણ આપવાની ના પાડી દીધી હતી. મારા છેલ્લા દિવસોમાં જો કોઈએ સાચી દીકરી બનીને મારી સેવા કરી હોય, તો એ માત્ર આરતી છે.

તેથી મેં મારી તમામ મિલકત, ફેક્ટરી અને આ મકાન એક ટ્રસ્ટ બનાવીને આરતીના નામે કર્યા છે. જ્યાં સુધી બા જીવશે ત્યાં સુધી આરતી જ તેમનું ધ્યાન રાખશે. રોહિત અને

પૂજાને મિલકતમાંથી એક રૂપિયો પણ નહીં મળે, સિવાય કે તેઓ સુધરીને સાચો રસ્તો અપનાવે."

વિડિયો પૂરો થતાં જ આખા રૂમમાં સોપો પડી ગયો. સંબંધીઓ રોહિત અને પૂજાને ધિક્કારવા લાગ્યા. સાસુમા રડતાં રડતાં મારા પગમાં પડી ગયા અને બોલ્યા, "મને માફ કરી દે બેટા... મેં મારા સ્વાર્થી દીકરાના દબાણમાં આવીને તારી સાથે અન્યાય કરવાનો પ્રયત્ન કર્યો."

મેં બાને ઊભા કર્યા અને કહ્યું, "બા, પપ્પાજી મને વહુ નહીં, દીકરી માનતા હતા. હું તમને ક્યારેય રસ્તા પર નહીં છોડું. પણ જે લોકો સંબંધો કરતાં પૈસાને વહાલા ગણે છે, તેમને આ ઘરમાં કોઈ સ્થાન નથી."

મેં રોહિતના હાથમાંથી પેલા ખોટા કાગળો ઝૂંટવી લીધા અને બધાની સામે ફાડી નાખ્યા. જે દીકરીને તેઓ લાચાર અને એકલી સમજીને બહાર કાઢવા માંગતા હતા, આજે એ જ ઘરમાં પપ્પાજીના આશીર્વાદ અને સાચા પ્રેમથી માથું ઊંચું રાખીને ઊભી હતી.

---

સસરાજીની ચિતાની રાખ પણ હજી ઠરી નહોતી કે મારા દિયરે મારી સામે કેટલાક કાગળો મૂકી દીધા. 'ભાભી, પપ્પાની વસિયતમાં તમારું નામ ભૂલથી આવી ગયું છે. બસ અહીં સહી કરી દો.' આખા ઘરમાં બેઠેલા સગા-સંબંધીઓ મારી સામે જોવા લાગ્યા. મારી નણંદના ચહેરા પર એક વિચિત્ર સ્મિત હતું અને સાસુ પોતાની આંખો નીચી ઢાળીને બેઠા હતા. મેં કાગળને અડ્યા વગર ફક્ત એક જ સવાલ પૂછ્યો, "તિજોરીની બીજી ચાવી કોની પાસે છે ?" આટલું સાંભળતાં જ દિયરના ચહેરાનો રંગ ઊડી ગયો. નણંદે ગભરાઈને સાસુ તરફ જોયું અને સાસુએ પહેલી વાર મારી આંખોમાં આંખ મેળવવાની હિંમત ન કરી. મને એ જ ક્ષણે સમજાઈ ગયું કે પપ્પાજી મૃત્યુ પહેલાં જે વાત મને કહી ગયા હતા, તે આ ત્રણેયે હજુ સુધી કોઈને જણાવી નહોતી.

મારું નામ આરતી છે. મારા લગ્નને સાત વર્ષ થયાં હતાં. મારા પતિ અમિતનું બે વર્ષ પહેલાં એક રોડ અકસ્માતમાં અવસાન થયું હતું. ત્યાર પછીથી પપ્પાજીએ મને વહુ નહીં, પોતાની દીકરી બનાવીને આ ઘરમાં રાખી હતી. આ જ વાત મારા દિયર રોહિત અને નણંદ પૂજાને ક્યારેય ગમી નહીં. બંનેને હંમેશાં લાગતું કે પપ્પાજી મને જરૂર કરતાં વધારે મહત્ત્વ આપે છે. જ્યારે પણ કોઈ મોટો નિર્ણય લેવાનો હોય, ત્યારે પપ્પાજી મારો અભિપ્રાય ચોક્કસ પૂછતા. આ જ વાતથી બંનેના મનમાં મારા પ્રત્યે ઈર્ષ્યા વધતી ગઈ.

છ મહિના પહેલાં પપ્પાજીને ખબર પડી કે તેમને કેન્સર છે. ડૉક્ટરે સ્પષ્ટ કહી દીધું હતું કે ઇલાજ મુશ્કેલ છે. તે દિવસથી મેં મારી નોકરી પણ છોડી દીધી. દિવસ-રાત હૉસ્પિટલ, દવાઓ, રિપોર્ટ્સ, જમવાનું, રાતોનું જાગરણ બધું જ મેં સંભાળ્યું. રોહિત દર વખતે એવું જ કહેતો, "ભાભી, ઑફિસમાંથી રજા નથી મળતી." પૂજા કહેતી, "મારા બાળકોની પરીક્ષા ચાલે છે." અને બા બધાને એવું જ કહેતા, "મારી વહુ જ મારો સહારો છે."

પરંતુ જેમ જેમ પપ્પાજીની તબિયત બગડતી ગઈ, તેમ તેમ મેં બીજી એક બાબત નોંધવાનું શરૂ કર્યું. રોહિત વારંવાર સ્ટડી રૂમમાં જઈને કબાટ અને તિજોરી ખોલવાનો પ્રયત્ન

કરતો હતો. એક દિવસ મેં તેને પકડી પાડ્યો. તેણે હસીને કહ્યું, "જૂના કાગળો જોતો હતો ભાભી." વાત ત્યાં પૂરી થઈ ગઈ, પણ તે જ રાત્રે પપ્પાજીએ મને પોતાના રૂમમાં બોલાવી. તેમણે ધ્રૂજતા હાથે ઓશિકા નીચેથી એક નાની ચાવી કાઢી અને મારા હાથમાં મૂકી દીધી. પછી ખૂબ ધીમા અવાજે બોલ્યા, "આરતી જો મારા ગયા પછી કોઈ તારી પાસે વસિયત પર ઉતાવળમાં સહી કરાવવાનો પ્રયત્ન કરે. તો ક્યારેય ન કરતી. પહેલાં આ ચાવીથી તિજોરીનું નીચેનું લૉકર ખોલજે. ત્યાં જે મળશે. તે જ તને સાચું શું છે તે જણાવશે." હું કંઈ પૂછી શકું તે પહેલાં જ તેમને જોરથી ઉધરસ આવી ગઈ. બીજા દિવસે તેમની તબિયત વધુ બગડી ગઈ

બીજા દિવસે તેમની તબિયત વધુ બગડી ગઈ અને હોસ્પિટલ પહોંચતા સુધીમાં તો પપ્પાજી હંમેશ માટે આંખો મીંચી ગયા.

તેમના ગયા પછી ઘરમાં શોકનો માહોલ હતો, પણ રોહિત અને પૂજાના મનમાં માત્ર મિલકત જ ચાલતી હતી. બેસણું પૂરું થતાં જ, સગા–સંબંધીઓની હાજરીમાં રોહિતે આ કાગળો મારી સામે ધરી દીધા હતા.

જ્યારે મેં પૂછ્યું કે "તિજોરીની બીજી ચાવી કોની પાસે છે ?" ત્યારે રોહિતે થોથવાતાં કહ્યું, "ભાભી, ચાવી તો પપ્પા પાસે જ રહેતી હતી, અમને શું ખબર? તમે ખોટી વાતોમાં વાત ન ફેરવો, આ કાગળો પર સહી કરો જેથી પ્રોપર્ટીનું કામ આગળ વધે."

મેં શાંત અવાજે તમામ સંબંધીઓને કહ્યું, "કાકાજી, મામાજી પપ્પાજી મને હોસ્પિટલમાં એક વાત કહી ગયા હતા. તેમણે મને તિજોરીના નીચેના લૉકરની ચાવી આપી છે. હું ઈચ્છું છું કે તમારા બધાની હાજરીમાં એ લૉકર ખોલવામાં આવે."

આ સાંભળીને પૂજા બોલી ઊઠી, "આ ઘરની વહુ છે, દીકરી નથી ! એને પપ્પાની તિજોરી ખોલવાનો કોઈ હક નથી."

પણ પંચમાં બેઠેલા વડીલોએ કહ્યું, "જો વડીલ ચાવી આપી ગયા હોય, તો બધાની સામે તિજોરી ખોલવામાં શું વાંધો છે?"

બધા સ્ટડી રૂમમાં ગયા. રોહિતના કપાળ પર પરસેવો વળી ગયો હતો. મેં પપ્પાજીએ આપેલી નાની ચાવીથી તિજોરીનું નીચેનું ગુપ્ત ખાનું ખોલ્યું. અંદરથી એક ડાયરી, એક વિડિયો પેનડ્રાઈવ અને રજિસ્ટર્ડ વસિયતનામું નીકળ્યું.

અમે બધાએ ટીવી પર પેનડ્રાઈવ ચાલુ કરી. સ્ક્રીન પર પપ્પાજીનો છેલ્લો વિડિયો આવ્યો. ભારે અવાજે પપ્પાજી બોલી રહ્યા હતા :

"જો તમે આ વિડિયો જોઈ રહ્યા છો, તો હું આ દુનિયામાં નથી. હું જાણું છું કે મારા ગયા પછી રોહિત અને પૂજા આરતી સાથે અન્યાય કરવાનો પ્રયત્ન કરશે. રોહિતે મારા નામે ૫૦ લાખ રૂપિયાની ખોટી લોન લીધી છે અને મારા નકલી સહીવાળા કાગળો બનાવ્યા છે. પૂજાએ મારી સારવાર માટે એક રૂપિયો પણ આપવાની ના પાડી દીધી હતી. મારા છેલ્લા દિવસોમાં જો કોઈએ સાચી દીકરી બનીને મારી સેવા કરી હોય, તો એ માત્ર આરતી છે.

તેથી મેં મારી તમામ મિલકત, ફેક્ટરી અને આ મકાન એક ટ્રસ્ટ બનાવીને આરતીના નામે કર્યા છે. જ્યાં સુધી બા જીવશે ત્યાં સુધી આરતી જ તેમનું ધ્યાન રાખશે. રોહિત અને

પૂજાને મિલકતમાંથી એક રૂપિયો પણ નહીં મળે, સિવાય કે તેઓ સુધરીને સાચો રસ્તો અપનાવે."

વિડિયો પૂરો થતાં જ આખા રૂમમાં સોપો પડી ગયો. સંબંધીઓ રોહિત અને પૂજાને ધિક્કારવા લાગ્યા. સાસુમા રડતાં રડતાં મારા પગમાં પડી ગયા અને બોલ્યા, "મને માફ કરી દે બેટા મેં મારા સ્વાર્થી દીકરાના દબાણમાં આવીને તારી સાથે અન્યાય કરવાનો પ્રયત્ન કર્યો."

મેં બાને ઊભા કર્યા અને કહ્યું, "બા, પપ્પાજી મને વહુ નહીં, દીકરી માનતા હતા. હું તમને ક્યારેય રસ્તા પર નહીં છોડું. પણ જે લોકો સંબંધો કરતાં પૈસાને વહાલા ગણે છે, તેમને આ ઘરમાં કોઈ સ્થાન નથી."

મેં રોહિતના હાથમાંથી પેલા ખોટા કાગળો ઝૂંટવી લીધા અને બધાની સામે ફાડી નાખ્યા. જે દીકરીને તેઓ લાચાર અને એકલી સમજીને બહાર કાઢવા માંગતા હતા, આજે એ જ ઘરમાં પપ્પાજીના આશીર્વાદ અને સાચા પ્રેમથી માથું ઊંચું રાખીને ઊભી હતી.

---

જમ્યા પછી બધા લોકો પોતપોતાના વાસણો ટેબલ પર છોડીને પોતપોતાના રૂમ તરફ જવા લાગ્યા. આ જોઈને સવિતા નવાઈ પામી ગઈ. બધા લોકો રૂમ સુધી પહોંચે તે પહેલા જ તેણે કહ્યું, "આ શું? તમે લોકો તમારા એંઠા વાસણો ટેબલ પર જ મૂકીને ચાલતા થયા. આ વાસણો ઉપાડીને ઓછામાં ઓછા સિંકમાં તો મૂકી આવવા જોઈએ ને !"

"તને આવી વાત કરતા શરમ નથી આવતી ? ઘરમાં વહુના હોવા છતાં આ એંઠા વાસણો શું અમે મૂકવા જઈશું ?" જીતેશના આવા જવાબથી સવિતા હેરાન થઈને તેની સામે જોવા લાગી. ત્યારે જ સાસુ મા માલતીજીનો અવાજ ગુંજ્યો, "વહુ, અમારા ઘરમાં એંઠા વાસણો વહુ ઉપાડીને રસોડામાં રાખે છે. આજે તો કહી દીધું, હવે પછી વિચારીને બોલજે !"

માલતીજીનો ટેકો મળતા જ તેમના ત્રણેય બાળકો જીતેશ, નાનો દીકરો માનવ અને દીકરી નિધિ પોતાના વાસણો ટેબલ પર છોડીને રૂમમાં ચાલ્યા ગયા.

આ બધું જોઈ–સાંભળી સવિતા દંગ રહી ગઈ. તેણે પોતાના પિયરમાં ક્યારેય આવું જોયું નહોતું. ત્યાં તો બધા લોકો પોતાના એંઠા વાસણો પોતે જ સિંકમાં મૂકતા હતા. લગ્ન પછી જ્યારે તે દાદી સાસુના ગામડે રહેવા ગઈ હતી, ત્યાં પણ તેણે આવું નહોતું જોયું.

હકીકતમાં સવિતાના લગ્નને હજુ વીસ દિવસ જ થયા હતા. સાસરીમાં સાસુ માલતીજી, પતિ જીતેશ, દિયર માનવ અને નણંદ નિધિ હતા. દાદી સાસુ ગામડે રહેતા હતા. સવિતાનું પિયર પણ ગામડામાં જ હતું, એટલે લગ્ન પણ ગામડેથી થયા હતા. લગ્નના ત્રણ દિવસ પછી જીતેશ અને માનવ શહેર આવી ગયા હતા કારણ કે તેમને નોકરીમાંથી વધુ રજા મળી નહોતી.

પરંતુ સાસુ, નણંદ અને સવિતા વીસ દિવસ ગામડે જ રોકાયા હતા. ત્યાં પણ તેણે ક્યારેય જોયું નહોતું કે માલતીજીએ પોતાની સાસુ (દાદી સાસુ)ના એંઠા વાસણો ઉપાડીને સિંકમાં રાખ્યા હોય. દાદી સાસુ પોતાના વાસણો પોતે જ મૂકતા અને ઘણીવાર ધોઈ પણ નાખતા. માલતીજીએ ક્યારેય તેમને ટોક્યા પણ નહોતા કે 'લાવો અમ્માજી, હું મૂકી આવું'.

સવિતાની પહેલી રસોઈ ગામડે જ થઈ હતી, એટલે તેણે જોયું હતું કે ત્યાં તો માલતીજી

અને નિધિ પણ પોતાના વાસણો પોતે જ સિંકમાં રાખતા હતા. ત્યાં આવો કોઈ નિયમ નહોતો. તો અહીં આવ્યા પછી અચાનક આ નિયમ કેવી રીતે બની ગયો, એ સવિતાને સમજાતું નહોતું.

આજે સાંજે જ તેઓ ગામડેથી શહેર આવ્યા હતા. આખો દિવસ મુસાફરી કરી હોવાથી માલતીજીએ જલ્દી જમવાનું બનાવી લેવા કહ્યું હતું. સવિતા રસોડામાં ગરમ રોટલીઓ બનાવી રહી હતી અને બધા સાથે જમવા બેઠા હતા. પણ સવિતા ત્યારે આશ્ચર્યચકિત થઈ ગઈ જ્યારે બધા લોકો એંઠા વાસણો ટેબલ પર છોડીને, પોતાના હાથ પણ થાળીમાં જ ધોઈને ચાલવા લાગ્યા. એટલે જ સવિતાએ બધાને ટોક્યા હતા.

માલતીજીએ કહ્યું, "હવે શું જોઈ રહી છે ? આ વાસણો ઉઠાવ અને સિંકમાં રાખ. જમીને રસોડું સાફ કરી બધા વાસણો ધોઈને જ સૂજે. અમારે ત્યાં રાત્રે એંઠા વાસણો રખાતા નથી."

સવિતાએ ધીરેથી પૂછ્યું, "પણ મમ્મીજી, દાદીજીના ઘરે તો બધા પોતાના વાસણો પોતે જ રાખતા હતા, તો અહીં શું થઈ ગયું ?"

"ત્યાં તો તું નવી નવી આવી હતી એટલે મેં કંઈ ના કહ્યું. પણ હવે મારે તને ઘરના નિયમો તો શીખવવા જ પડશે ને! અમારા ઘરનો નિયમ છે કે એંઠા વાસણો કોઈ નહીં ઉપાડે, ફક્ત વહુ જ ઉપાડશે. સમજી? હવે સમય બગાડ્યા વગર તારું કામ કર." માલતીજીએ સ્પષ્ટ સંભળાવી દીધું અને ટીવી સામે બેસી ગયા.

હવે સવિતા શું કહે ? તેણે ચૂપચાપ વાસણો ઉપાડ્યા પણ તેને એક વાત ખટકતી હતી કે માલતીજી પોતે પણ એક વહુ છે, છતાં તેમણે ક્યારેય પોતાની સાસુના વાસણો નથી ઉપાડ્યા, તો પછી નવી વહુ માટે આ નિયમ કેમ ?

હવે તો ઘરમાં આ રોજનું થઈ ગયું. બધા રાજા–મહારાજાની જેમ જ્યાં ચા–પાણી પીવે ત્યાં જ વાસણ છોડી દેતા. ઘણીવાર તો સવિતાને ગુસ્સો ત્યારે આવતો જ્યારે ઝાડુ મારતી વખતે સોફા કે પલંગ નીચેથી કપ કે ગ્લાસ ગબડતા બહાર આવતા, અને તેમાં રહેલી ચા કે પાણી આખા ભોંયતળિયે ફેલાઈ જતું. ઉપરથી સવિતાને ઠપકો મળતો કે નીચે જોઈને ઝાડુ મારવું જોઈએ.'

આ બધું ઓછું હોય તેમ, બધા જમવાની થાળીમાં જ હાથ ધોતા. પાણીથી છલોછલ ભરેલી થાળી રસોડા સુધી લઈ જવામાં પાણી નીચે ઢોળાતું અને સવિતાનું કામ વધી જતું. કંટાળીને સવિતાએ એક યુક્તિ વિચારી. તેણે દાદી સાસુને ફોન કર્યો અને પ્રેમથી તેમને શહેર બોલાવ્યા. દાદી સાસુ ખુશ થઈને બે દિવસમાં જ શહેર આવી ગયા.

દાદીને અચાનક આવેલા જોઈ માલતીજી અને બાળકો નવાઈ પામ્યા. સવિતા રસોડામાંથી બધા માટે ચા બનાવી લાવી. ચા પીધા પછી જ્યારે બધા કપ ત્યાં જ છોડીને જવા લાગ્યા, ત્યારે દાદીએ તરત જ ટોક્યા, "અરે! આ કપ શું પાડોશી આવીને ઉઠાવશે? પોતપોતાના કપ રસોડામાં મૂકી આવો." દાદીના ડરથી અને માલતીજીના ઈશારાથી બધા કપ મૂકી આવ્યા.

રાત્રે જમતી વખતે પણ એવું જ થયું. સવિતા રસોડામાંથી આવીને થાળીઓ ઉપાડવા લાગી એટલે દાદીએ તેને રોકી, "ઉભી રહે, શું કરે છે તું ?"

સવિતાએ માસૂમિયતથી કહ્યું, "દાદીજી, જે આ ઘરનો નિયમ છે એ જ કરું છું. વહુએ જ બધાના એંઠા વાસણ ઉઠાવવાના હોય ને !"

આ સાંભળી દાદી ગુસ્સે થયા, "અચ્છા ! આ નિયમ કોણે બનાવ્યો ?" માલતીજી તો ફાટી આંખે જોઈ રહ્યા. દાદી બોલ્યા, "કેમ ? આ ઘરના લોકો ઘરડા થઈ ગયા છે કે અપંગ ? કે એંઠા વાસણ રસોડા સુધી નથી લઈ જઈ શકતા? ઉપરથી આટલી બેશરમી કે થાળીમાં જ હાથ ધોઈ નાખ્યા!"

દાદીએ માલતીજીને ઉધડો લીધો, "બહુ, તું તારા બાળકોને શું શીખવાડી રહી છે? હું આટલી મોટી ઉંમરે મારા વાસણ પોતે સાફ કરું છું, તો આ લોકો કેમ નહીં ? વહુ સેવા માટે હોય, પણ સેવા ત્યારે કરાવાય જ્યારે તમારા હાથ-પગ કામ ન કરતા હોય. વહુ આવતા જ તમે લોકો અપંગ થઈ ગયા ?"

દાદીના ગુસ્સા સામે કોઈની બોલવાની હિંમત ન ચાલી. જીતેશ, માનવ અને નિધિ પોતાની થાળીઓ ઉઠાવીને સિંકમાં મૂકી આવ્યા. સવિતાએ મનોમન દાદીનો આભાર માન્યો. તે દિવસ પછી ઘરમાં કોઈ પોતાના એંઠા વાસણો ટેબલ પર છોડતું નથી.

## સ્વિચ બદલી નાખો

શર્મા જી ૬૮ વર્ષના થઈ ગયા. આખી કોલોનીમાં તેમની મિસાલ આપવામાં આવતી. ૪૦ વર્ષ નોકરી કરી, એક એક પૈસો ભેગો કરીને ઘર બનાવ્યું, દીકરાને IIT મોકલ્યો, દીકરીના ધામધૂમથી લગ્ન કર્યા. આજે તેમની પાસે પોતાનું મકાન છે અને ૩ કરોડની FD, PPF, મ્યુચ્યુઅલ ફંડ.

કાગળ પર તે કરોડપતિ હતા. અસલ જિંદગીમાં ?

મે મહિનાની રાત્રે ૨ વાગે ગરમીથી તેમની આંખ ખૂલી. પંખો ચાલતો હતો, AC બંધ હતો. "એક કલાક પછી બંધ કરી દઉં છું, નહીંતર બિલ ઘણું આવશે," બબડતા બબડતા તેમણે પડખું ફેરવ્યું. પરસેવાથી કુર્તો પલળી ગયો હતો.

બીજી સવારે ઘૂંટણમાં દુ:ખાવો ઉપડ્યો. ડોક્ટરે કહ્યું, "શર્મા જીની રિપ્લેસમેન્ટ કરાવી લો. ૬ મહિનામાં દોડવા લાગશો." શર્મા જીએ રિપોર્ટ બેગમાં મૂકી દીધો. "હમણાં તો ચાલી રહ્યું છે. ૪-૫ લાખ ખર્ચ થઈ જશે. રહેવા દો." બેંકમાં ૩ કરોડ હતા, પણ મનમાં ડર હતો – "કાલે કંઈ થઈ ગયું તો ?"

દીકરો અમેરિકાથી આવ્યો. "પપ્પા, ચાલો કેદારનાથ જઈએ. તમે હંમેશા કહેતા હતા જવું છે. બિઝનેસ ક્લાસની ટિકિટ કરાવી દઉં છું, તમને ઘૂંટણમાં દુ:ખાવો છે."

શર્મા જી ખિજાયા. "ગાંડો છે શું? ૮૦ હજાર એક ટિકિટના ? સ્લીપરમાં જતા રહીશું. ટ્રેન પણ ત્યાં જ પહોંચાડે છે." ૧૨ કલાક સ્લીપરમાં, દુ:ખાવાથી આખી રાત કણસતા રહ્યા. કેદારનાથના દર્શન દૂરથી જ કર્યા. દાદરો ચડી ન શક્યા.

તે દરેક ખુશીને 'કાલ' પર ટાળતા હતા. હ્રકુનું વ્યાજ આવતું, એમાં જ ઘર ચાલતું. મુદ્દલને અડવું પાપ લાગતું. "છોકરાઓ માટે રાખવાનું છે." દીકરો ૪૫નો થઈ ગયો હતો, ગૂગલમાં VP હતો. તેને પૈસાની જરૂર નહોતી. તેને જરૂર હતી કે પપ્પા હસતા જુએ.

એક દિવસ વૃદ્ધાશ્રમમાં તેમના મિત્ર વર્મા જી મળ્યા. વર્મા જી હમણાં જ સ્વિટ્ઝર્લેન્ડ ફરીને આવ્યા હતા. "શર્મા, ૭૨નો છું. કાલનો શો ભરોસો ? મેં 'ખુશી વાળું ફંડ' બનાવ્યું છે. ૨૦ લાખ અલગ રાખ્યા છે. નિયમ એક જ છે – આ ફક્ત ખર્ચ કરવા માટે છે. બચાવવા માટે નહીં. આમાંથી હું દર વર્ષે એક દેશ જોઉં છું."

શર્માજીને ઝાટકો લાગ્યો. "પણ વર્માજી, જો પૈસા ખૂટી ગયા તો? હોસ્પિટલનો ખર્ચ ?"

વર્મા જી હસ્યા. "અરે ભાઈ, પૈસા બે બકેટમાં રાખો. Bucket A – ઘડપણની સિક્યોરિટી, ઈલાજ, ઘરખર્ચ. એને અડશો નહીં. Bucket B – શોખ, ફરવું, AC, બિઝનેસ ક્લાસ. આ ઉડાવવા માટે છે. જ્યારે મગજને ખબર હોય કે સિક્યોરિટી વાળા પૈસા સેફ છે, તો ખર્ચ કરવામાં ડર લાગતો નથી."

એ રાત્રે શર્મા જી સૂઈ ન શક્યા. ૪૦ વર્ષ સુધી મગજની સ્વિચ 'જીછફઈ' પર હતી. રિટાયરમેન્ટના દિવસે કોઈએ કહ્યું નહીં કે "હવે એને 'SPEND' પર કરી દો." તે પેલા ઝાડને કાપવા જેવું લાગતું હતું જેને આખી જિંદગી પાણી પાયું.

બીજી સવારે તેમણે પહેલું કામ કર્યું. બેંક ગયા. ૧૫ લાખની નવી હ્નુ તોડાવીને 'શર્મા જી ખુશી ખાતું' ખોલાવ્યું. ઘરે આવીને દીકરાને ફોન કર્યો. "બુક કર ટિકિટ. બિઝનેસ ક્લાસ. આવતા અઠવાડિયે કેદારનાથ જઈ રહ્યા છીએ. અને હા, હેલિકોપ્ટરથી."

દીકરો ચોંક્યો, પછી રડી પડ્યો.

ઓપરેશન કરાવ્યું. નવો ઘૂંટણ, નવું જીવન. AC હવે આખી રાત ચાલે છે. "મેં ૪૦ વર્ષ કમાયું છે, હવે આરામ ખરીદવાનો હક છે."

દિવાળી પર તેમણે વસિયત બદલી. ૫૦% છોકરાઓને, ૩૦% 'શર્મા જી ખુશી ખાતા'માં, ૨૦% વૃદ્ધાશ્રમને દાન. દીકરાને કહ્યું, "બેટા, તારા માટે સૌથી મોટી વિરાસત મારું બેંક બેલેન્સ નથી, મારું હાસ્ય છે. હું અભાવમાં મરીશ તો તું જિંદગી ભર ગિલ્ટી રહીશ કે પપ્પાએ અમારા માટે પોતાને મારી નાખ્યા."

આજે ૭૫ વર્ષના શર્મા જી ગોવામાં બીચ પર બેઠા છે. હાથમાં નારિયેળ પાણી, ચહેરા પર સુકૂન. તેમણે આર્થિક દોડ ૪૦ વર્ષ પહેલા જીતી લીધી હતી. જિંદગીની દોડ હવે જીતી રહ્યા છે.

કારણ કે પૈસા જો જીવતા જીવ ખુશી ન આપે, તો કફનમાં ખિસ્સા હોતા નથી.

**શિક્ષા**

૧. 'SAVE'ની સ્વિચ 'SPEND' પર બદલો – બચતનો હેતુ ખર્ચ કરીને જીવવાનો છે, તિજોરી ભરવાનો નહીં.

૨. બે બકેટ બનાવો – એક સુરક્ષા માટે, બીજું ખુશી માટે. જ્યારે સુરક્ષા પાક્કી હોય, તો ખર્ચમાં પાપ લાગતું નથી.

૩. બાળકોને વારસો નહીં, યાદો આપો – તમારા ૩ કરોડ કરતાં તેમને તમારી સાથે વિતાવેલા ૩ દિવસ યાદ રહેશે.

૪. કાલનો ડર આજને મારો નહીં – ૧૦૫ વર્ષ જીવવાના ડરમાં ૭૦ વર્ષના સારા દિવસ બરબાદ ન કરો.

૫. પોતાને પરવાનગી આપો – AC, બિઝનેસ ક્લાસ, ઈલાજ – આ ખર્ચ નથી, તમારી ૪૦ વર્ષની મહેનતનું ઈનામ છે.

સ્વિચ બદલી દે
૪૦ વર્ષ 'બચત'નું બટન દબાવ્યું,
પાઈ પાઈ ભેગી કરી, પોતાને ભુલાવ્યા.
આજે તિજોરી ભરેલી છે, પણ મન ખાલી,
AC બંધ છે, અને શ્વાસમાં ગરમી વાળી.
દીકરો કહે 'પપ્પા ઊડો બિઝનેસ ક્લાસ,
બાપ કહે 'સ્લીપર પણ તો પહોંચાડશે પાસ.
ઘૂંટણ માગે નવો, બેંક કહે 'હા' છે,
પણ દિલ બોલે 'ના', કાલનો ડર ત્યાં છે.
બસ હવે બહુ થયું, સ્વિચ બદલી દે બંદા,
'ખુશી વાળું ખાતું ખોલીને લે કંઈ ખર્ચા.
બે બકેટ બનાવી લે – એક સેફ, એક ઉડાવવા માટે,
જિંદગી મળી છે જીવવા માટે, ના તિજોરી વધારવા માટે.

આ લેખ ફક્ત વાંચવા માટે નથી મોકલ્યો તમને. વિચારો અને અમલમાં મૂકીને હવે બાકીનું જીવન આનંદ મય બનાવો.

---

ચોમાસાની એક કાળમીંઢ રાત. જૂનાગઢની સાંકડી શેરીઓમાં વરસાદનું પાણી કોઈ ગાંડીતૂર નદીની જેમ ઘૂઘવી રહ્યું હતું. જૂના, જર્જરિત મકાનોનાં નળિયાં પર પડતા વરસાદનો અવાજ વાતાવરણમાં એક અજબની ભયાનકતા ઊભી કરતો હતો. પણ આ ઘોંઘાટથી બેખબર, શેરીના નાકે આવેલા એક જૂના મકાનના ઓરડામાં પંચોતેર વર્ષનાં પાર્વતીબા પોતાનાં કામમાં મગ્ન હતાં.

દિવાલ પર લટકતું વર્ષો જૂનું પેન્ડુલમ ઘડિયાળ રાતના અગિયારના ટકોરા મારી ચૂક્યું હતું. ઓરડામાં એક માત્ર પીળા બલ્બનો આછો ઉજાસ પથરાયેલો હતો. પાર્વતીબાની આંખોમાં ઝામરની અસર હતી અને કમર અર્ધચંદ્રાકાર વળી ચૂકી હતી, છતાં તેમના કરચલીવાળા હાથમાં રહેલી સોય કોઈ યુવાન નૃત્યાંગનાની જેમ કાપડ પર લયબદ્ધ રીતે દોડી રહી હતી. તેઓ કપડાની થેલીઓ સીવવાનું કામ કરતાં.

ઓરડાના એક ખૂણામાં લાકડાનો એક નાનકડો, પણ સુંદર કોતરણીવાળો ગોખલો હતો. ગોખલામાં પીત્તળના એક નાના હિંડોળા પર બાલકૃષ્ણની નાનકડી મૂર્તિ બિરાજેલી હતી. મૂર્તિ એટલી જૂની હતી કે રોજ ઘસીઘસીને સાફ કરવાથી પીત્તળનો રંગ સોના જેવો ચળકતો થઈ ગયો હતો. પાર્વતીબા માટે આ મૂર્તિ માત્ર ધાતુનો ટુકડો નહોતી, એ તેમનો દીકરો હતો, તેમનો સખા હતો, તેમનો શ્વાસ હતો. આખા ઘરમાં તેઓ એકલાં જ રહેતાં, પણ તેમને ક્યારેય એકલતા સાલી નહોતી, કારણ કે તેમનો 'લાલો' તેમની સાથે હતો.

"જોજે હો લાલા," બાએ સોયમાં દોરો પરોવતાં પરોવતાં ગોખલા તરફ જોઈને કહ્યું, "આજે

તો તેં મને બહુ હેરાન કરી છે. પેલો સંચો ચાલતો જ નહોતો. તેં જ કંઈક જાદુ કર્યો હશે. તને થાય કે ડોશી આખો દિવસ કામ જ કર્યા કરે છે, મારી સામે તો જોતી જ નથી. પણ હું શું કરું મારા બાપ? કાલ સાંજ સુધીમાં વ્રજલાલ શેઠના પચીસ હજાર રૂપિયા પૂરા કરવાના છે. નહીંતર એ રાક્ષસ આપણું આ ઘર પચાવી પાડશે."

પાર્વતીબાનો અવાજ જરાય કાંપતો નહોતો. તેમાં કોઈ લાચારી નહોતી, માત્ર એક હળવો થાક હતો. વ્રજલાલ શેઠ શેરીનો વ્યાજખોર હતો. દસ વર્ષ પહેલાં બાના પતિની બીમારી વખતે લીધેલા પાંચ હજારના વ્યાજનું ચક્રવૃદ્ધિ વ્યાજ ગણીને તેણે પચીસ હજારનો આંકડો ઊભો કરી દીધો હતો. કાલે જન્માષ્ટમી હતી, અને વ્રજલાલે અલ્ટીમેટમ આપ્યું હતું કે જો કાલ સાંજ સુધીમાં પૂરા પૈસા નહીં મળે, તો તે ઘરને તાળું મારી દેશે.

બાએ રાત–દિવસ એક કરીને થેલીઓ સીવીને માંડ પંદર હજાર રૂપિયા ભેગા કર્યા હતા. બાકીના દસ હજાર ક્યાંથી લાવવા, એનો કોઈ રસ્તો તેમની પાસે નહોતો. એમનો એકનો એક દીકરો વર્ષો પહેલાં અમેરિકા જઈને એવો વસ્યો હતો કે ક્યારેય પાછો ફર્યો જ નહોતો. હવે તો એનો કોઈ કાગળ કે ફોન પણ નહોતો આવતો.

અચાનક બહાર વીજળીનો એક મોટો કડાકો થયો. ઓરડાનો પીળો બલ્બ બે–ત્રણ વાર ઝબક્યો અને પછી કાયમ માટે ગુલ થઈ ગયો. આખું ઘર ઘનઘોર અંધકારમાં ગરકાવ થઈ ગયું. માત્ર બારીની તિરાડમાંથી આવતો વીજળીનો ચમકારો જ અંધકારને ચીરતો હતો.

બાએ નિસાસો નાખ્યો. ધીમેથી ઊભાં થયાં. અંધારામાં પણ તેમને ઘરના ખૂણેખૂણાનો અંદાજ હતો. તેમણે દીવાસળી શોધી અને ગોખલા પાસે જઈને ઘીનો દીવો પ્રગટાવ્યો. દીવાની પીળી જ્યોતમાં લાલાનું મુખડું મલકાતું હોય એવું લાગ્યું.

"લે, હવે રાજી? હવે તારી ને મારી વચ્ચે આ અજવાળું કોઈ નહિ લઈ શકે," બાએ હસીને કહ્યું.

પછી તેઓ ગોખલા પાસે જમીન પર બેસી ગયાં. તેમની નજર લાલાની મૂર્તિ પર સ્થિર થઈ ગઈ. હવે તેમના ચહેરા પરનો થાક ઓગળી રહ્યો હતો અને તેની જગ્યાએ એક ઊંડી, પારદર્શક શાંતિ છવાઈ રહી હતી.

"કાનજી, સાંભળ છે ને?" બાનો અવાજ હવે એકદમ ધીમો અને મક્કમ હતો. "મારી પાસે હવે કંઈ બચ્યું નથી. દસ હજાર તો હું કંઈ આકાશમાંથી લાવી શકવાની નથી. કાલે પેલો વ્રજલાલ આવશે. હું કોઈની સામે હાથ નહીં ફેલાવું. મેં મારી પેટી તૈયાર રાખી છે. એમાં તારા વાઘા અને મારું બે જોડ કપડું છે. કાલે આપણે આ ઘર છોડી દઈશું. ગામના પાદરે રામજી મંદિરમાં ઓટલો તો મળી જ જશે. મને આ ઘર છૂટવાનો કોઈ અફસોસ નથી, પણ તારો આ લાકડાનો ગોખલો બહુ યાદ આવશે મારા વાલા પણ તારી જેવી ઈચ્છા."

બાએ કોઈ ફરિયાદ ન કરી. કોઈ આંસુ ન સાર્યું. ઈશ્વર પરનો એવો અતૂટ વિશ્વાસ, જ્યાં કોઈ માંગણી જ ન હોય, માત્ર સંપૂર્ણ શરણાગતિ હોય.

તેઓ ઊભાં થયાં. રસોડામાં ગયાં. આજે સવારે જ તેમણે થોડો શીરો બનાવ્યો હતો – લાલા માટે ખાસ પ્રસાદ. એક નાની પીતળની વાટકીમાં શીરો કાઢીને તેઓ પાછાં ગોખલા પાસે આવ્યાં.

"લે, જમી લે હવે. કાલે તો ખબર નહીં, મારા નસીબમાં તને જમાડવાનું લખ્યું છે કે નહીં." બાએ વાટકી ગોખલામાં મૂકી.

બહાર વરસાદનું જોર હવે ભયંકર હદે વધી ગયું હતું. પવનના સુસવાટાથી બારીનાં લાકડાં ધ્રૂજી રહ્યાં હતાં. બરાબર એ જ વખતે, બહારના લાકડાના જાડા દરવાજા પર કોઈએ જોરથી ટકોરા માર્યા.

ધડ... ધડ... ધડ...

બા ચોંકી ગયાં. અડધી રાતે, આટલા તોફાનમાં કોણ હોઈ શકે? વ્રજલાલ? ના, એ તો કાલે સાંજે આવવાનો હતો.

"કોણ છે?" બાએ દરવાજા તરફ જતાં પૂછ્યું.

બહારથી કોઈ અવાજ ન આવ્યો, માત્ર વરસાદનો શોર હતો. બાએ ધીમેથી દરવાજાનો આગળો ખોલ્યો. પવનના ધસારા સાથે દરવાજો ખૂલી ગયો અને વરસાદની વાછટ સીધી બાના ચહેરા પર પડી.

દરવાજાની બહાર એક વીસેક વર્ષનો જુવાન ઊભો હતો. શ્યામ વર્ણ, માથા પર વાંકડિયા વાળ, અને આંખોમાં એક અજબની તેજસ્વી ચમક. તે વરસાદમાં પૂરેપૂરો પલળી ગયો હતો. તેના ખભા પર એક જૂનો કામળો હતો, જેમાંથી પાણી નીતરી રહ્યું હતું.

"કોણ છે ભાઈ તું ? આટલી રાતે ?" બાએ આંખો ઝીણી કરીને પૂછ્યું.

"બા, હું પોસ્ટ ઓફિસથી આવું છું," જુવાનનો અવાજ એકદમ મીઠો અને રણકદાર હતો, જાણે કોઈ વાંસળી વાગી રહી હોય.

"પોસ્ટ ઓફિસથી ? અરે ભાઈ, પોસ્ટવાળા તો દિવસે આવે. અને તું તો સાવ પલળી ગયો છે, અંદર આવ, અંદર આવ."

બા તેને અંદર લઈ આવ્યાં. છોકરો અંદર આવ્યો. તેના પગમાં ચંપલ નહોતાં. ભીના પગના નિશાન જમીન પર પડતા જતા હતા.

"બા, સાહેબે કીધું કે આ કવર બહુ અગત્યનું છે. સવાર સુધી રાહ જોવાય એમ નથી. એટલે હું દોડતો આવ્યો," છોકરાએ પોતાના કામળાની અંદરથી પ્લાસ્ટિકમાં વીંટાળેલું એક જાડું કવર કાઢીને બાના હાથમાં મૂક્યું.

"પણ આમાં છે શું બેટા?" બાએ કવર હાથમાં લેતાં પૂછ્યું.

"તમારા પતિના વીમાના પાક્યાના પૈસા છે. વીસ વર્ષથી તમારી ફાઈલ ગાંધીનગર અટવાયેલી હતી. આજે જ ક્લિયર થઈ ગઈ. પૂરા પચીસ હજાર રૂપિયા છે." છોકરાએ સ્મિત કરતાં કહ્યું.

બાના હાથ ધ્રૂજી ગયા. પચીસ હજાર? બરાબર પચીસ હજાર? તેમને પોતાના કાન પર વિશ્વાસ નહોતો આવતો.

"પણ બેટા, તારું નામ શું છે?" બાએ ભાવુક થઈને પૂછ્યું.

"મારું નામ? બધા મને 'કાનજી' કહે છે." જુવાને હસીને જવાબ આપ્યો. એ જ વખતે બહાર વીજળી ઝબકી અને અજવાળામાં બાએ જોયું કે છોકરાના ચહેરા પર એક નિર્દોષ,

છતાં મસ્તીખોર હાસ્ય હતું.

અચાનક છોકરાએ પેટ પર હાથ ફેરવતાં કહ્યું, "બા, બહુ ભૂખ લાગી છે. કંઈ ખાવાનું છે?"

બા મૂંઝાયા. ઘરમાં તો અન્નના નામે એક દાણો પણ નહોતો બચ્યો. અચાનક તેમની નજર ગોખલામાં મૂકેલી શીરાની વાટકી પર ગઈ.

"બેટા, ઘરમાં તો બીજું કંઈ નથી, આ થોડો પ્રસાદનો શીરો છે, ચાલશે?"

"અરે દોડશે બા! મને શીરો બહુ ભાવે છે."

બાએ વાટકી લાવીને તેને આપી. જુવાને વાટકી હાથમાં લીધી અને કોઈ નાના બાળકની જેમ આંગળીઓથી જ શીરો ખાવા લાગ્યો. તે એટલા રસથી ખાતો હતો જાણે દુનિયાનું સૌથી સ્વાદિષ્ટ ભોજન આરોગી રહ્યો હોય. ખાતા ખાતા એણે પોતાની આંગળીઓ પણ ચાટી લીધી.

"આહા ! આવો શીરો તો મેં ક્યાંય નથી ખાધો. મારી મા પણ આવો નથી બનાવતી," તેણે વાટકી બાના હાથમાં પાછી આપતાં કહ્યું.

"ઊભો રહે ભાઈ, હું તારા માટે લૂછવા ટુવાલ લાવું," બા એમ કહીને રૂમની અંદર ગયાં. પણ જ્યારે તેઓ ટુવાલ લઈને પાછાં ફર્યાં, ત્યારે ઓરડો ખાલી હતો. દરવાજો ખુલ્લો હતો અને બહાર અંધકારમાં માત્ર વરસાદનો અવાજ જ આવતો હતો.

"અરે ! કેટલી ઉતાવળ આ છોકરાને" બાએ બબડતાં બબડતાં દરવાજો બંધ કર્યો. દીવાના અજવાળામાં તેમણે કવર ખોલ્યું. અંદર કડકડતી નોટો હતી. પૂરા પચીસ હજાર. બાની આંખોમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. તેમણે ગોખલા સામે જોઈને હાથ જોડ્યા.

બીજા દિવસે સવારે વરસાદ થંભી ગયો હતો. આકાશ એકદમ સ્વચ્છ હતું. સવારના નવ વાગ્યામાં વ્રજલાલ શેઠ આવીને ઊભો રહ્યો. બાએ એક પણ શબ્દ બોલ્યા વગર તેના મોં પર પચીસ હજાર રૂપિયા અને બાકીના પંદર હજારની નોટો ગણીને મૂકી દીધી. વ્રજલાલ આશ્ચર્યથી મોં વકાસીને ચાલ્યો ગયો.

બાના હૈયામાં એક અનોખી ખુશી હતી. તેમણે બજારમાંથી તાજા પેંડા લીધા. તેઓ સીધા મેઈન પોસ્ટ ઓફિસે પહોંચ્યા.

પોસ્ટમાસ્ટર શર્મા સાહેબ પોતાની કેબિનમાં બેઠા હતા. બાએ જઈને સીધું જ પૂછ્યું, "સાહેબ, પેલા કાનજીને બોલાવો ને! મારે એનું મોં મીઠું કરાવવું છે. બિચારો કાલ રાતે ધોધમાર વરસાદમાં પલળતો પલળતો મારે ઘેર કવર આપવા આવ્યો હતો."

શર્મા સાહેબ ચશ્મા નીચેથી બા સામે જોઈ રહ્યા. "કોણ કાનજી? બા, તમે કઈ પોસ્ટ ઓફિસની વાત કરો છો? અમારી આ આખી ઓફિસમાં કાનજી નામનો કોઈ માણસ જ નથી."

"અરે સાહેબ, એવું તે કેમ બને? એ જુવાન છોકરો વાંકડિયા વાળ વાળો. એણે જ મને કીધું કે વીસ વર્ષ જૂની વીમાની ફાઈલ ક્લિયર થઈ ગઈ છે."

શર્મા સાહેબ ચોંક્યા. તેમણે ટેબલ પર પડેલું એક રજિસ્ટર ખોલ્યું. "બા, તમારું નામ પાર્વતીબેન જોષી છે ને?"

"હા."

"જુઓ બા," શર્મા સાહેબે રજિસ્ટર બા તરફ ફેરવતા કહ્યું, "તમારા વીમાની ફાઈલ

ખરેખર ગઈકાલે જ ક્લિયર થઈ છે. અને એનો પચીસ હજારનો ચેક આજે સવારે જ મેં રજિસ્ટર પોસ્ટમાં રવાના કર્યો છે. જે તમને બે દિવસ પછી મળશે. અને અમે ક્યારેય રાત્રે કવર મોકલતા જ નથી."

બા સ્તબ્ધ થઈ ગયાં. "તો પછી ગઈકાલે રાત્રે મને આ કવરમાં પૂરા પચીસ હજાર રોકડા કોણ આપી ગયું?"

બાએ પોતાની થેલીમાંથી એ પ્લાસ્ટિકવાળું કવર કાઢીને શર્મા સાહેબને બતાવ્યું. શર્મા સાહેબે કવર હાથમાં લીધું, ફેરવીને જોયું.

"બા, આ કવર સરકારી નથી. આના પર પોસ્ટ ઓફિસની કોઈ મહોર કે ટિકિટ જ નથી. આ એક સાવ સામાન્ય કવર છે."

બાના પગ તળેથી જમીન સરકી ગઈ. તેમના હાથમાંથી પેંડાનું બોક્સ છૂટી જવાની અણી પર હતું. તેઓ કંઈ પણ બોલ્યા વગર પોસ્ટ ઓફિસની બહાર નીકળી ગયાં. રસ્તા પર ચાલતાં ચાલતાં તેમનું મન ચકરાવે ચડ્યું હતું. જો પોસ્ટ ઓફિસમાંથી કોઈ નહોતું આવ્યું, જો ચેક હજી રસ્તામાં જ હતો, તો કાલે રાત્રે એ કોણ હતું ? એ શ્યામ વર્ણ, એ વાંકડિયા વાળ, એ મસ્તીખોર હાસ્ય, એનું નામ 'કાનજી' અને એનો આંગળીઓ ચાટીને શીરો ખાવાનો અંદાજ !

પાર્વતીબા ઘરના ઉંબરે પહોંચ્યા. તેમના હાથ ધ્રૂજી રહ્યા હતા. તેમણે ધીમેથી દરવાજો ખોલ્યો. ઘરમાં પ્રવેશતાં જ તેમની નજર સીધી લાકડાના ગોખલા પર ગઈ. મૂર્તિના ચહેરા પર આજે એક અજીબ તેજ હતું. મૂર્તિના હોઠ પર જાણે એક લુચ્ચું સ્મિત રમી રહ્યું હતું.

અચાનક બાની નજર જમીન પર પડી. ગઈકાલે રાત્રે પહેલાં જુવાનના ભીના પગલાંના નિશાન હજુ પૂરેપૂરા સુકાયા નહોતા. બાએ એ પગલાંઓને ધ્યાનથી જોયાં. એ પગલાં દરવાજાથી શરૂ થઈને સીધા ગોખલા પાસે આવીને અટકી ગયા હતા. ત્યાંથી પાછા ફરવાનું એક પણ પગલું જમીન પર નહોતું!

ગોખલામાં મૂકેલી પીત્તળની વાટકી હજુ પણ એવી જ ખાલી પડી હતી, બરાબર એવી જ રીતે જાણે કોઈ નાના બાળકે આંગળીઓથી ચાટીને સાફ કરી દીધી હોય.

બાના હાથમાંથી પેંડાનું બોક્સ જમીન પર પડી ગયું. તેઓ ગોખલા પાસે ફસડાઈ પડ્યા. તેમની બંને આંખોમાંથી ચોમાસાની ધારની જેમ આંસુ વહેવા લાગ્યા. પણ આ આંસુ લાચારીના નહોતા, આ આંસુ એક એવી પ્રાપ્તિના હતા જેને શબ્દોમાં વર્ણવી શકાય નહીં.

તેમણે પોતાના ધ્રૂજતા હાથ મૂર્તિ તરફ લંબાવ્યા. તેમનો અવાજ ગળગળો થઈ ગયો હતો, પણ એમાં અનહદ પ્રેમ નીતરી રહ્યો હતો.

"લુચ્ચા" બાએ મૂર્તિને છાતી સરસી ચાંપતા ધીમેથી લાડમાં ગણગણ્યા, "પોતે જ આવીને ખાઈ ગયો ને મારો શીરો ?"

બહાર વાતાવરણમાં એકદમ શાંતિ હતી, અને ઓરડામાં એક અદ્રશ્ય વાંસળીનો મધુર સૂર હવામાં ગુંજી રહ્યો હતો.

**સૌજન્ય : નીતા મહેતા**

**જન્માષ્ટમીની શુભકામનાઓ, જય શ્રી કૃષ્ણ**

## ભગવદ્દગીતા :

જો તારે મને ખરેખર સમજવો હોય

તો હુ તને તારા હાથમાં ગીતા આપીને જાઉ છું.

જ્યારે તારું મન તૂટે...

બીજો અધ્યાય વાંચજે .

તને ખબર પડશે કે જે તૂટી રહ્યું છે, તે તુ નથી.

જ્યારે કર્મ કરવાનું મન ન થાય...

ત્રીજો અધ્યાય વાંચજે .

તુ સમજી જઈશ કે કર્મથી ભાગવું એ જીવનથી ભાગવા બરાબર છે.

જ્યારે મન વારંવાર ભટકે...

છઠ્ઠો અધ્યાય વાંચજે .

તને ધ્યાનનો માર્ગ મળી જશે.

જ્યારે જીવનમાં ભય આવે

ચોથો અધ્યાય વાંચજે .

જ્ઞાન અંધકારને એવી જ રીતે મિટાવી દે છે, જેમ સૂર્યોદય રાતને.

જ્યારે સફળતા તને અહંકારી બનાવી દે...

દસમો અને અગિયારમો અધ્યાય વાંચજે .

તુ જાણી જઈશ કે વિરાટની સામે તારો અહંકાર ધૂળના કણ કરતાં પણ નાનો છે.

જ્યારે એ સમજ ન પડે કે હું કોણ છું...

સાતમો અધ્યાય વાંચજે .

તુ તારી જાતને શરીરથી પર (આગળ) ઓળખવાનું શરૂ કરી દઈશ જ્યારે પ્રેમ ખોવાઈ જાય.

બારમો અધ્યાય વાંચજે .

તને ને ભક્તિનો વાસ્તવિક અર્થ મળશે.

જ્યારે એ નિર્ણય ન કરી શકે કે સાચું શું છે.

અઢારમો અધ્યાય વાંચજે.

હું ત્યાં જ તારી પ્રતીક્ષા કરતો હોઈશ.

જ્યારે વેપારમાં (જીવનની ગડમથલમાં) ગૂંચવાઈ જાય ત્યારે યાદ રાખજે –

યોગ: કર્મસુ કૌશલમ્.

કર્મને ઉત્કૃષ્ટતાથી (કુશળતાથી) કરવું એ જ યોગ છે.

જ્યારે હારી જા...

યાદ રાખજે –

તારો અધિકાર માત્ર કર્મ પર છે, પરિણામ પર નહીં.
જ્યારે મૃત્યુનો ભય સતાવે.
યાદ રાખજે –
આત્મા ક્યારેય જન્મતો નથી, ન તો ક્યારેય મરે છે.
જ્યારે આખી દુનિયા તારી વિરુદ્ધ ઊભેલી દેખાય.
યાદ રાખજે –
એક જાગૃત મનુષ્ય હજાર સૂતેલા લોકો કરતાં વધુ શક્તિશાળી હોય છે.
હું ફરી નહીં આવું.
કારણ કે હું ક્યાંય ગયો જ નથી.
હું એ દરેક ક્ષણે હાજર છું,
જ્યારે તુ ભય વગર સત્યની પસંદગી કરે છે..
હું એ દરેક નિર્ણયમાં છું,
જ્યાં ધર્મ સુવિધા પર વિજય મેળવે છે.
હું એ દરેક કર્મમાં છું,
જ્ઞાન અને નિ:સ્વાર્થ ભાવે જે કરવામાં આવે છે.
હું એ દરેક હૃદયમાં છું,
જ્યાં પ્રેમ હજુ પણ જીવંત છે.
જો કોઈ દિવસ તને લાગે કે દુનિયામાં અંધકાર છવાઈ ગયો છે.
તો નવો ધર્મ ન શોધતો.
નવો ભગવાન ન શોધતો.
નવો ચમત્કાર ન શોધતો.
ગીતા ખોલજે.
શક્ય છે.
તને ત્યાં મારો નહીં,
તારો પોતાનો જ અવાજ સંભળાય.
અને જે દિવસે તને તારો અવાજ સંભળાઈ ગયો,
સમજી લેજે – તે તારા જીવનનુ કુરુક્ષેત્ર કુરુક્ષેત્ર જીતી લીધું.
ત્યારે તને કોઈ બાબા, કોઈ ધર્મગુરુ કે કોઈ મધ્યસ્થીની જરૂર નહીં રહે.
કારણ કે ગીતાનો ઉદ્દેશ્ય તને અનુયાયી બનાવવાનો નથી,
પોતાના જ જીવન નો સારથિ બનાવવાનો છે.

તારી અંદર જ ધબકનાર તારો સારથી કૃષ્ણ મારા જન્મદિવસની સાથે એકાદશી વ્રત ની પણ ઉજવણી કરતા રહેશો ભાન ભૂલ્યા તો ભવ ભૂલ્યા સમજાય તો ભગવદ્ ગીતા  તમારી સાથે અભિનંદન નહી તો કૃષ્ણની સાથે વંદન.

# ડોક્ટરની ડાયરી

– ડોક્ટર શરદ ઠાકર

સંઘવીએ ઘડિયાળમાં જોયું. બપોરનો દોઢ વાગવા આવ્યો હતો. પછી પ્યૂનને પૂછ્યું, ‘હજુ કેટલા પેશન્ટ્સ બાકી રહ્યા છે ?’

‘આઠ’, કાંતિએ જવાબ આપ્યો.

‘ઓહ એનો મતલબ કે હજુ દોઢેક કલાક નીકળી જશે.’ ડો. સંઘવી સ્વગત બબડયા, ‘સખત ભૂખ લાગી છે, પણ ઓ.પી.ડી. પતાવ્યા પહેલાં લંચનો મેળ નહીં પડે.’ પછી માથું ધુણાવીને કાંતિ સાંભળી શકે તેમ બોલ્યા, ‘નેક્સ્ટ પેશન્ટ, પ્લીઝ’

સૌરાષ્ટ્રનું એક જાણીતું શહેર. ડો. સંઘવી ત્યાંના જાણીતા બાળરોગ નિષ્ણાત. આજુબાજુના પંથકમાં એમની સારી નામના. એક તો ત્રીસ વર્ષનો અનુભવ, ઉપરથી નિદાન બાબતમાં હોશિયારી અને સારવારની બાબતે નિષ્ઠા. દરદીઓને આનાથી વધારે બીજું શું જોઈએ? રોજ સવાર–સાંજ મળીને દોઢસોથી બસો જેટલાં બાળકો એમણે તપાસવાં પડે. બીજા કોઈ કામ માટે એમની પાસે સમય ન બચે.

ડો. સંઘવી ઘણીવાર મજાકમાં કહે, ‘છેલ્લે થિયેટરમાં જઈને મેં હિન્દી ફિલ્મ જોઈ એ વાતને આજે વીસ વર્ષ થયાં.

ન્યાતમાં કોઈ સગાંના લગ્ન પ્રસંગે હું હાજરી આપી શકતો નથી.

દરદીઓની સેવા કરવામાં મેં મારાં બંને બાળકોનું શૈશવ માણવાનું ખોઈ દીધું છે. મારી પત્નીને શોપિંગમાં ક્યારેય હું સાથ આપી શક્યો નથી. એટલું વળી સારું છે કે અમારાં લગ્ન થયાં ત્યારે હજુ મેં પ્રેક્ટિસ શરૂ કરી ન હતી, નહીંતર કદાચ વરરાજા વગરની જાન જોડવી પડી હોત’

જાન તો કદાચ વરરાજા વગર રવાના થઈ શકે. (જૂના જમાનામાં રાજાઓ પોતાની અવેજીમાં ખાંડું મોકલતા હતા ને) પણ માણસને ભૂખ લાગે ત્યારે આવો કોઈ વિકલ્પ બચતો નથી.

જમવા માટે તો એણે જાતે જ જવું પડે, ડો. સંઘવી ક્લિનિકમાં ભજિયાં કે દાળવડાં મગાવીને જમવામાં માનતા ન હતા. બે વાર પત્નીનાં હાથનું રંધાયેલું સાદું અને સાત્વિક ભોજન જ ખપે. પણ દરદીઓની ભીડ એટલી બધી રહેતી હતી કે મહિનામાં દસ–બાર દિવસોએ એવું બનતું હતું કે બપોરનું લંચ સાંજના ડિનર સાથે ભળી જતું હતું.

આજનો દિવસ પણ એવો જ સાબિત થવા તરફ જઈ રહ્યો હતો. આઠ બાળકો તપાસતાં–તપાસતાં ત્રણ વાગી ગયા. હવે ભૂખ ચરમસીમા પર જઈ પહોંચી હતી. ડો. સંઘવીએ ઘરે ફોન જોડીને પત્નીને સૂચના પણ આપી દીધી, ‘દસ મિનિટમાં પહોંચું છું. રસોઈ ગરમ કરી રાખજે. ભૂખ તો એવી લાગી છે કે જો થાળી પીરસવામાં મોડું કરીશ, તો હું ખાલી થાળીને ચાવી જઈશ.’

બરાબર આ ક્ષણે કાંતિ ડોકાયો, ‘સાહેબ, એક ઈમરજન્સી કેસ આવતો દેખાય છે. ટેક્સીમાંથી ઊતરે છે.’

‘એમને પગથિયેથી જ રવાના કરી દે બીજા દવાખાને મોકલી આપ. ભૂખ પણ લાગી છે

અને આજે થાકી પણપ' આટલું બોલી લીધા પછી ડો. સંઘવી અટકી ગયા. વિચારી રહ્યા: 'મારો તબીબી ધર્મ શું કહે છે ? મારા દવાખાનામાં આવી ચડેલા એક પણ દરદીને મારાથી સારવાર આપવાની ના ન પડાય. વળી આ શહેરમાં બીજો કોઈ પીડિયાટ્રિશિયન છે જ ક્યાં ?

કાંતિ એને બીજા દવાખાને જવાનું કહી દે તો એ લોકોએ માત્ર સરકારી હોસ્પિટલમાં જ જવું પડે. ત્યાં તો ડોક્ટરના નામે કાગડા ઊડે છે. કોણ તપાસશે એને?' એવું વિચારીને ડો. સંઘવી પાછા એમની ખુરશીમાં બેસી ગયા. કાંતિને સૂચના આપી દીધી, 'આવવા દે એમને અંદર.'

ત્રણ જણાં અંદર ધસી આવ્યા. આમ તો બે જ. પતિ–પત્ની અને હાથમાં સાવ નાનું બાળક. પત્નીની આંખમાં આંસુ હતાં અને પતિના ગળામાં રુદન.

'ડોક્ટર સાહેબ ડોક્ટર સાહેબ આ અમારી દીકરીને બચાવી લો. ત્રણ જ મહિનાની છે, પણ અમારી જિંદગીનો આધાર છે. ગામડેથી આવ્યાં છીએ. ત્યાંના ડોક્ટર પાસે ચાર દિ'થી દવા કરાવતા હતા. આજે ડોક્ટરે હાથ ઊંચા કરી દીધા. અમને કહી દીધું કે આની હાલત અત્યંત ગંભીર છે. તાત્કાલિક એને અમદાવાદ લઈ જવી પડશે.'

'તો પછી અમદાવાદને બદલે અહીં મારી પાસે શા માટે લઈ આવ્યાં ?' ડો. સંઘવી મૃદુતાપૂર્વક આવું પૂછી રહ્યાં સાથે સાથે ટેબલ પર કપડામાં લપેટાયેલી એ બાળકીને તપાસતા પણ રહ્યા.

બાળકીનો પિતા બોલતો ગયો, 'અમદાવાદ જવા જેટલા અમારી પાસે રૂપિયા ન હતા અને મારી દીકરી પાસે કદાચ એટલો સમય નથી રહ્યો. એટલે અમે તમારી પાસે...જુઓને સાહેબ એને... એને...'

ડો. સંઘવીએ બાળકીની 'પલ્સ' પકડવાની કોશિશ કરી, પણ એમના આઘાત વચ્ચે નાડી ધબકતી બંધ થઈ ગઈ હતી. એણે માથું ઢાળી દીધું હતું. ડોક્ટરે એની છાતી ઉપર સ્ટેથોસ્કોપ મૂકીને ધબકારા સાંભળવાનો પ્રયાસ કર્યો, પણ સરિયામ નિષ્ફળતા સાંપડી. પાંસળીઓના પિંજરમાં સર્વત્ર સન્નાટો જ સન્નાટો વ્યાપ્ત હતો. હવે એક જ ઔપચારિકતા બાકી રહી હતી. ડો. સંઘવીએ દીકરીનાં મા–બાપને માત્ર આટલું જ કહી દેવાનું હતું : 'હું દિલગીર છું. તમારી દીકરી મૃત્યુ પામી છે. તમે જો સમયસર મારી પાસે આવી પહોંચ્યા હોત તો એની સારવાર કરવા જેટલો મને.'

પણ આવું કહી દે તો ડો. સંઘવી અને બીજા સામાન્ય ડોક્ટરો વચ્ચે ફરક શો રહે ? એમણે સંકલ્પ કર્યો કે આ તાજી જ મૃત્યુ પામેલી બાળકીને પાછી જીવતી કરવાનો તેઓ પ્રયત્ન કરશે. મૃત શરીરમાં પ્રાણ નાખવાનું કામ તો કોઈ કાળા માથાનો માનવી કરી શકે જ નહીં; પણ એ બાળકીની હાલત સહેજ વિશિષ્ટ હતી.

ડો. સંઘવી જાણતા હતા કે જ્યારે એ બાળકીને એમના દવાખાનામાં લાવવામાં આવી, ત્યારે તો એ જીવતી હતી. ભલે મરણોન્મુખ હતી, તો પણ એનાં દેહમાં જીવ હજુ બચ્યો હતો. કારણ કે ડો. સંઘવી જ્યારે પ્રારંભિક પૂછતાછ કરતા હતા ત્યારે સવાલો પૂછવાની સાથે સાથે તેઓ બાળકીની શારીરિક તપાસ પણ કરી રહ્યા હતા. એ વખતે તો એની 'પલ્સ' મોજૂદ હતી. એનો શ્વાસોચ્છવાસ પણ ચાલુ હતો.

પછી અચાનક તે ડૂબી ગઈ. આનો મતલબ કે એનો પ્રાણ હજુ એનાં દેહથી ખાસ દૂર ગયો ન હતો. (મેડિકલ દૃષ્ટિએ એવું કહી શકાય કે એનું બ્રેઇન સર્ક્યુલેશન બંધ થયાંને હજુ માંડ એક–બે ક્ષણો થઈ હશે, જો કોઈપણ રીતે એનું હૃદય પુન: ધબકતું કરી શકાય તો બાળકીનું મગજ ફરીથી કામ કરવા લાગે.)

ડો. સંઘવીએ કમ્પાઉન્ડરને ત્રણ ઇન્જેક્શનો ભરીને લાવવાનો આદેશ આપી દીધો અને પોતે એ ત્રણ માસની બાળકીને 'કાર્ડિયાક મસાજ' આપવા માંડયા. કુમળી કાયા, નાજુક પાંસળીઓ અને હૃદયની સાઇઝ પણ નાની. ડો. સંઘવીને મસાજ આપવામાં બહુ મહેનત ન કરવી પડી.

વચ્ચે–વચ્ચે થોડીક વાર માટે મસાજ આપવાનું બંધ કરીને તેઓ બાળકીને માઉથ–ટુ–માઉથ રેસ્પિરેશન આપી લેતા હતા. કૃત્રિમ રીતે એનાં ફેફસાંમાં ઉછીનો શ્વાસ ભરી આપતા હતા. એટલી વારમાં કમ્પાઉન્ડર ત્રણ સિરીંજો સાથે હાજર થઈ ગયો.

ડો. સંઘવીએ એક ઇન્જેક્શન સીધું હૃદયની અંદર ભોંકી દીધું. બીજા બે ઈન્જેક્શનો હાથની નસમાં આપ્યાં. ફરીથી કાર્ડિયાક મસાજ ચાલુ કરી દીધો. આ બધું કામ પતાવવામાં એમને ભાગ્યે જ એકથી દોઢ મિનિટ જેટલો સમય લાગ્યો હશે. હવે બધું ભગવાનના હાથમાં હતું.

ભગવાન શા માટે અપજશનો ટોપલો પોતાના માથે લે ? એક હોશિયાર અને દયાળુ ડોક્ટરની તનતોડ મહેનત જોઈને એ પણ શરમાઇ ગયો હશે. દીકરીની છાતી અચાનક આપમેળે ઊંચી–નીચી થવા લાગી. એક–બે હળવા આંચકા અને પછી હૃદયના ધબકારા પુન: ચાલુ થયા.

ડો. સંઘવી હવે ભારે ઉત્સાહમાં આવી ગયા. તરત જ આઈ. વી. ઇન્ફ્યુઝન ચાલુ કરી દીધું. ઓક્સિજનની નળી નાકમાં ખોસી દીધી. બાળકીની હાલત સ્થિર થઈ ત્યાં સુધીમાં એમણે ગામડાંના ડોક્ટરે અમદાવાદના મોટા નિષ્ણાત ઉપર લખી આપેલી 'રેફરન્સ નોટ' વાંચી લીધી.

આ વાત ખાસ નોંધનીય છે. અત્યાર સુધી ડોક્ટરે જે સારવાર આપી હતી તે દરદીની બીમારી વિશે કશું જ જાણ્યા વગર આપી હતી. એનો એક માત્ર ઉદ્દેશ દીકરીની બંધ થયેલી 'પલ્સ' પાછી ચાલુ કરી દેવાનો હતો. હવે એની મૂળ બીમારીનું નિદાન કરવાનું રહેતું હતું. ફાઇલ, રિપોર્ટ્સ અને ચિઠ્ઠીના અભ્યાસ પછી ડો. સંઘવી એ નિદાન ઉપર આવ્યા કે એ બાળકીને બ્રોક્રોન્યૂમોનિયા થયો હતો. એમણે સારવારનું સુકાન એ દિશામાં કરી નાખ્યું.

બાળકી જોખમમુક્ત થાય તે વાતને તો હજુ કલાકો લાગી જવાના હતા, પણ યમદૂતો દૂર ચાલ્યા જાય એ માટે બે–ત્રણ કલાક પર્યાપ્ત હતા. લગભગ સાડા પાંચ વાગ્યાની આસપાસ ડો. સંઘવી ઘરે જવા માટે ઊભા થયા. કમ્પાઉન્ડરને જરૂરી સૂચનાઓ આપીને તેઓ કારમાં બેઠા.

ઘરે પહોંચ્યા, ત્યારે એમનાં પત્ની કંટાળીને પૂછવા લાગ્યા, 'તમે પણ ખરા છો આટલી બધી વાર લગાડાતી હશે ? હું તો ક્યારનીયે થાળી પીરસીને તમારી રાહ જોઈ રહી છું. એકાદ ફોન તો કરી દેવાય કે નહીં ? મને તો દવાખાને ફોન કરવાની તમે મનાઈ ફરમાવી છે. ક્યાં

ફસાઈ ગયા હતા અત્યાર સુધી ?'

'ફસાઈ જ ગયો હતો. બીજે ક્યાંય નહીં, પણ તમારી નારી–જાતિની માયાજાળમાં' ડો. સંઘવી થાકભર્યું હસ્યા, 'હં... હં... તારે ચિંતા કરવાની જરૂર નથી. મને ફસાવ્યો હતો. એક ત્રણ માસની દીકરીએ. બહુ મહેનત કરાવી એ માસૂમ કળીએ મારી પાસે પણ આખરે એ પાછી આવી ગઈ ખરી. મારો બધો થાક ઉતારી દીધો એ બચુકડી બદમાશણે.'

'અને ભૂખનું શું? રસોઈ પાછી ગરમ કરી આપું ?' પત્નીએ પૂછ્યું.

'ના, હવે જમવાની ઇચ્છા નથી. હું એમ તો નહીં કહું કે મારી ભૂખ મરી ગઈ છે, પણ એવું જરૂર કહીશ કે મારું પેટ ભરાઈ ગયું છે.

ડોક્ટરનું પેટ હંમેશાં ભોજનથી નથી ભરાતું, ક્યારેક ક્યારેક લગભગ મૃતઃ પ્રાય દરદીને બચાવી લેવાના સંતોષથી પણ એનું પેટ ભરાઈ જતું હોય છે.

## "હું વૃદ્ધ છું, પરંતુ હજુ જીવિત છું."

રાતના લગભગ સાડા દસ વાગ્યા હતા. હું મારી નાનકડી કરિયાણાની દુકાન બંધ કરવાની તૈયારીમાં હતો, ત્યારે લગભગ ૭૦ વર્ષના એક વૃદ્ધ ધીમે–ધીમે ચાલતા દુકાન પર આવ્યા.

તેમના કપડાં સ્વચ્છ હતા, પરંતુ ખૂબ જૂનાં હતાં. ચહેરા પર થાક હતો અને આંખોમાં સંકોચ હતો.

તેમણે ધીમા અવાજે કહ્યું,

"બેટા એક કિલો લોટ, અડધો કિલો ચોખા, થોડું તેલ અને ચાની પત્તી આપી દેજે."

હું સામાન પેક કરવા લાગ્યો.

જ્યારે બિલ બનાવ્યું ત્યારે કુલ રૂ. ૪૮૫ થયા.

વૃદ્ધે ધ્રૂજતા હાથથી પોતાના ખિસ્સા તપાસ્યા. થોડા સિક્કા કાઢ્યા, પછી વળી ગયેલી નોટો બહાર કાઢી.

ઘણી વાર ગણ્યા પછી પણ તેમની પાસે માત્ર રૂ. ૩૧૦ જ હતા.

તેઓ થોડી ક્ષણો ચૂપ રહ્યા.

પછી માથું ઝુકાવીને બોલ્યા,

"બેટા" જો તને ખરાબ ન લાગે તો બાકીના પૈસા આવતા મહિને પેન્શન આવે ત્યારે આપી દઈશ."

તેમના અવાજમાં મજબૂરી હતી, પરંતુ તેમનું આત્મસન્માન તેનાથી પણ મોટું હતું.

મેં કંઈ કહ્યા વગર આખો સામાન તેમની થેલીમાં મૂકી દીધો અને સ્મિત સાથે કહ્યું,

"બાબુજી, પૈસા પૂરા થઈ ગયા છે. તમે નિશ્ચિંત થઈને ઘરે જાઓ."

તેઓ સમજી ગયા કે હું તેમને પૈસા લીધા વગર સામાન આપી રહ્યો છું.

તેમણે મારી તરફ જોયું અને કહ્યું,

"ના બેટા" ઉધાર લખી લે, ઉપકાર નહીં. હું વૃદ્ધ છું, પરંતુ હજુ જીવિત છું."

તેમની આ વાત સીધી મારા હૃદયમાં ઉતરી ગઈ.

મેં રજિસ્ટર ખોલ્યું અને તેમાં લખ્યું –

"બાકીની રકમ – સ્મિતમાં જમા."

તેમણે તે વાંચ્યું, પરંતુ કંઈ બોલ્યા નહીં.

માત્ર તેમની આંખોમાંથી બે આંસુનાં ટીપાં વહી પડ્યાં.

લગભગ છ મહિના પછી

એક દિવસ દુકાન પર એક યુવાન આવ્યો.

તેણે મારી સામે એક પરબીડિયું મૂક્યું.

તેમાં રૂ. ૧૭૫ હતા.

મેં પૂછ્યું,

"આ શેના માટે ?"

યુવાન સ્મિત કરીને બોલ્યો,

"હું બાબુજીનો દીકરો છું. ગયા મહિને તેમનું અવસાન થયું. મૃત્યુ પહેલાં તેમણે મારો હાથ પકડીને કહ્યું હતું –

'બેટા એ કરિયાણા વાળા ના એક પણ રૂપિયા તારા પર બાકી ન રહેવા દેતા. તેણે મારી ભૂખ નહીં, મારું સન્માન બચાવ્યું હતું.'

તેમણે તમારા માટે આ પત્ર પણ છોડ્યો છે."

મેં ધ્રૂજતા હાથથી પત્ર ખોલ્યો.

તેમાં લખ્યું હતું –

"બેટા," એ રાત્રે તેં મને મફતનું રાશન આપ્યું નહોતું, પરંતુ મને એ અહેસાસ કરાવ્યો હતો કે દુનિયામાં આજે પણ માનવતા જીવંત છે.

"ભગવાન તારી દુકાન નહીં, પરંતુ તારું હૃદય હંમેશાં ભરેલું રાખે."

પત્ર વાંચતાં વાંચતાં મારી આંખો પણ ભીની થઈ ગઈ.

એ દિવસે મને સમજાયું.

ગરીબી ખિસ્સામાં હોય તો માણસ જીવી શકે છે, પરંતુ જો સન્માન છીનવાઈ જાય તો જીવવું ખૂબ મુશ્કેલ બની જાય છે.

એ દિવસથી મેં મારી દુકાનમાં એક નાનું બોર્ડ લગાવી દીધું –

"અહીં માત્ર સામાન જ નથી મળતો જરૂર પડે ત્યારે સન્માન પણ મળે છે."

કોઈની મદદ એવી રીતે કરો કે તેનું આત્મસન્માન જળવાઈ રહે.

## WebSite પર પત્રિકા મેળવવા માટે

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે* http://abbhs.in *પર* Patrika *વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.*

## What's APP પર પત્રિકા મેળવવા માટે

*પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા* What's APP *માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે* What's APP *ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.*


**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

**(M) 9898535030, 9974127810**